Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन सत्य प्रकाश



તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૧૦-૫૩ : અમદાવાદ

વર્ષ ૧૯ : અંક : ૧ ] [ ક્રમાંક : ૨૧૭



SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय–दर्शन


| ક્રમાંક: | લેખ : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|---|
| ૧. | પ્રાસંગિક નિવેદન : ઓગણીસમા વર્ષની પ્રસ્થાન યાત્રા | સંપાદક : | ૧ |
| ૨. | શ્રીપાલરાસનું નૈવેદ્ય : | પૂ. મુ. શ્રીચંદ્રપ્રભસાગરજી : | ૩ |
| ૩. | પ્રાચીન સમયમાં ભજવાયેલાં જૈન નાટકો : | પ્રો૦ શ્રી હીરાલાલ ર. કાપડિયા: | ૫ |
| ૪. | ગાંડી : | પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી : | ૯ |
| ૫. | સાંડેરાવ : | પૂ. મુ. શ્રી જ્ઞાનવિજયજી : | ૧૨ |
| ૬. | સાધ્ય કે સાચો પુરુષાર્થ : | પૂ. મુ. શ્રી મહાપ્રભાવિજયજી : | ૧૫ |
| ૭. | કડખો અને જૈન કૃતિઓ : | પ્રો. શ્રી હીરાલાલ ર. કાપડિયા : | ૧૮ |
| ८. | रणथंभोरके अलावदिनके मंत्री धनराजका वंशपरिचय : | श्रीयुत अगरचंदजी नाहटा : | २१ |
| ૯. | સુભાષિત : | | ૨૪ |
| ૧૦. | સાભાર સ્વીકાર : | | ટાઇટલ પેઈજ બીજું–ત્રીજું |


ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249



# સાભાર-સ્વીકાર

૧૦૧) પૂ. મુનિરાજ શ્રીગૌતમસાગરજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, નેર (ધૂળિયા)

૫૧) પૂ. મુનિરાજ શ્રીદર્શનવિજયજી (ત્રિપુટી) મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, કોશીલાવ (રાજસ્થાન)

૪૧) પૂ. પં. શ્રીકીર્તિમુનિજી મ. ના ઉપદેશથી શેઠ કપૂરચંદ ભગવાનજી, જામ-કંડોરણા (સૌરાષ્ટ્ર)

૨૫) પૂ. પં. શ્રી દાનવિજયજી ગણિવરના ઉપદેશથી શ્રીવીરવિજયજી મહારાજનો ઉપાશ્રય, અમદાવાદ

૨૫) પૂ. ઉપા. શ્રી ધર્મવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈનશાળા સંઘ, રાધનપુર

૨૫) પૂ. આ. શ્રીહેમસાગરસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શેઠ રતનચંદ ગુલાબચંદ જૈન ઉપાશ્રય, નાગજી ભૂધરની પોળ, અમદાવાદ

૨૫) પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ ના ઉપદેશથી શ્રી ઢેબરિયા જૈન સંઘ, ધ્રાંગધ્રા.

૨૫) પૂ. શ્રીમાનવિજયજી ગણિવરના ઉપદેશથી શ્રીપાર્શ્વનાથ ભગવાનની પેઢી, નવસારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष : १९ | વિક્રમ સં. ૨૦૦૯ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૩ | क्रमांक |
| अंक : १ | આસો સુદિ ૭ : ગુરુવાર : ૧૫ ઓક્ટોબર | २१७ |


# પ્રાસંગિક નોંધ

## ઓગણીસમા વર્ષની પ્ર૦સ્થા૦ન૦યા૦ત્રા

**આ માસિક** પોતાના જીવનનું અઢારમું વર્ષ પૂરું કરી આજે ઓગણીસમા વર્ષમાં પ્રસ્થાન કરે છે; એ સમયે જે પૂજ્ય આચાર્યાદિ મુનિવરોએ અમને પ્રોત્સાહન આપી, તે તે ગામના શ્રીસંઘોને ઉપદેશ આપી પ્રેરણા કરી છે તે પૂજ્યો અને શ્રીસંઘનો આભાર માને છે અને જે લેખકોએ માસિકને સમૃદ્ધ બનાવવા સાથ આપ્યો છે તેમની પણ સાભાર નોંધ લે છે.

જૈન અને જૈનેતરોમાં એક એવો વર્ગ તૈયાર થયેલો છે જે જૈન તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, પુરાતત્ત્વ અને સાહિત્યિક વિગતોની જિજ્ઞાસા ધરાવે છે, ત્યારે બીજી તરફ આપણી સામગ્રી જ્યાંત્યાં વેરવિખેર પડી છે. તત્ત્વજ્ઞાનને આજના વિજ્ઞાન સાથે ઘટાવવું, ગ્રંથોમાં વિખરાયેલી ઐતિહાસિક સામગ્રીને એકત્રિત કરવી, અજાણ્યા ખૂણે પડેલાં ધ્વસ્ત મંદિરો, તેમાં પડપોપડા બાઝી ગયેલા શિલાલેખો, ગ્રંથભંડારોમાં પડી રહેલા અજ્ઞાત ગ્રંથો અને તેની વિગતો એકઠી કરવાનું કામ વ્યવસ્થિતરીતે આપણી કોઈ સંસ્થા હાથ ધરે એ બાકી છે. પરિણામે આજસુધીમાં ઘણું ભૂગર્ભમાં ભળી ગયું, કેટલુંયે નાશ થયું અને કેટલુંક પરાવર્તન પામ્યું છતાં આપણે એ તરફ ઝાઝી દરકાર રાખી નથી આ રીતે આપણો વારસો વેડફાઈ રહ્યો છે. જ્યારે બીજી તરફ કેટલાક લેખકો જૈનધર્મ વિશે ગેરસમજૂતીથી દોરવાઈને ભ્રાંત વિચારો રજૂ કરી રહ્યા છે.

આવી હકીકતોને સાચી રીતે, સબળ પુરાવા સાથે રજૂ કરવાની આ માસિકની નેમ છે. પણ આ વિકટ કામ માટે વિવિધ સામગ્રી અપેક્ષિત છે; છતાં અમારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટૂંકી મર્યાદામાં આ માર્ગે અમારો ઉત્સાહભર્યો પ્રયાસ છે, જે અઢાર વર્ષની ફાઈલોથી જાણી શકાય એમ છે.

સમિતિના એકલા ઉત્સાહથી આ કામ સરે એવું નથી. સમાજના, આ ઉચ્ચ અને શિષ્ટ ઉદ્દેશને ધરાવતા એક માત્ર માસિકને નભાવવાનું કામ તો સમસ્ત ભારતના શ્રીસંઘનું છે. અઢાર વર્ષની સતત સેવાઓ બજાવ્યા પછી સમાજમાં હકની લાગણીથી એ નભી રહ્યું છે. અમારે કબૂલ કરવું જોઈએ કે પૂજ્ય આચાર્યાદિ મુનિવરોના ઉપદેશથી શ્રીસંઘે એને આજ સુધી પોષ્યું છે અને એ બળે એ ટકી રહ્યું છે. પણ એને આવતી કાલની ચિંતા મૂંઝવી રહી છે. ગતવર્ષની ખોટ એણે ચાલુ વર્ષની આવકથી પૂરી છે. પણ નવા વર્ષ માટે એની પાસે ઉત્સાહ સિવાય બીજું બળ નથી. આથી જ એને પગભર અને સમૃદ્ધ બનાવવા અમારું નિવેદન છે. આપણા સંપન્ન સમાજ આગળ આ સવાલ કાંઈ મોટો નથી. વાર્ષિક ખર્ચને પહોંચી વળે એટલાં નાણાં તો સમિતિ પાસે હોવાં જ જોઈએ.

માસિકે કરેલી સેવા કે તેની યોગ્યતા માટે અમારે કશું કહેવાનું નથી. અમને એટલો સંતોષ છે કે, એણે સમાજમાં લાગણીભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે, એ જ એનો સાચો પુરસ્કાર છે.

માસિકના લેખકો એ તો માસિકનો પ્રાણ છે. લેખકોની શક્તિઓ વિકસે, સમાજમાં માનભર્યું સ્થાન પ્રાપ્ત કરે અને એની પરંપરા ચાલુ રહે એ ઉદ્દેશ પણ માસિક અપનાવી રહ્યું છે, એ મુજબ જૂના લેખકો સાથે નવા લેખકો પણ મળતા રહ્યા છે.

સામાન્ય અને હળવા લેખોને સ્થાન આપવાનો માસિકનો ઉદ્દેશ નથી, અને વર્ગીય ચર્ચામાં એ પડતું નથી. તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, પુરાતત્ત્વ કે સાહિત્યિક વાર્તા અને ઉપદેશને લગતા લેખો, અલબત્ત; આપણા સમાજમાં બધાને એકસરખા વાચનસુલભ બનતા નથી. એ નક્કર હકીકત જાણવા છતાં બીજા સમાજોની અપેક્ષાએ અને ભાવિ પેઢી જે જ્ઞાનની ભૂખ માટે લાલાયિત છે તેમની દૃષ્ટિએ માસિકની લેખ-સામગ્રીનું ધોરણ કંઈક ઊંચું બની રહે છે. છતાં કેટલીક વખત ઉચ્ચ કક્ષાની વાર્તાઓ અને ઉપદેશોને પણ માસિક અપનાવતું રહ્યું છે અને બને તેટલું સર્વજનસુલભ બનાવવાનો પ્રયત્ન રહ્યા કરે છે.

અમે ઇચ્છીએ છીએ કે નવા વર્ષે આરંભેલી અમારી પ્રસ્થાનયાત્રામાં સૌ કોઈ સાથ આપે—પોતાનાં તન, મન અને ધનથી મદદગાર બને. ત્યારે જ અમારા ઉત્સાહમાં બળ અને તેજ આવશે અને ત્યારે જ માસિક સમૃદ્ધ બની નવા તેજે અને નવા રંગે દીપી ઊઠશે. —સંપાદક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રીપાળ રાસનું નૈવેદ્ય

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીચંદ્રપ્રભસાગરજી

**કર્મશાસ્ત્રના** અલ્પ અભ્યાસને કારણે માનવજાત મૂંજવણની ખીણમાં અટવાઈ પડી છે. કર્મશાસ્ત્રનો ઊંડો અભ્યાસ હોય તો મૂંજવણનો અંત આવતાં વાર ન લાગે. અભ્યાસી માણસ તો સમજી જાય કે, આ વિષમ સંયોગોમાં સમતુલા જાળવ્યા વિના, નિરાશા કે ભીરુતા દાખવીશ તો આ મૂંઝવણની ખીણમાંથી માર્ગ કાઢવાને બદલે, શોકની ઝાડીમાં વધારે અટવાઈ પડીશ. માટે આવેલા વિષમ સંયોગોનો ધૈર્યતાપૂર્વક સામનો કરવો કાં સંયોગોને સમતાથી સહી લેવા અથવા સંયોગોના સમય પૂરતું મૌન રહી, સંયોગોના પૂરને પસાર થવા દેવું અને પૂર ઓસરતાં પુનઃ મૂળ સ્થિતિમાં આવી જવું; પણ આત્માની સમાધિ તો ન જ ગુમાવવી—આ મૌલિક વાત શ્રીમયણાસુંદરીના પિતા, રાજ્ય ને ગૃહત્યાગના કઠોર કર્તવ્યો દ્વારા, બહુ જ નમ્ર રીતે 'શ્રીપાળના રાસ'માં કહી જાય છે. રાસનું વાચન થતું હોય છે ત્યારે વાચક શ્રોતાનું હૈયું લયપૂર્વક સિદ્ધાન્તના મૂળ સુધી તણાતું હોય છે. આગળ જતાં આ કર્મવાદના સિદ્ધાન્તનો બીજો પાસો આવે છે.

કર્મશાસ્ત્રનો અર્થ એ નથી કે, કર્મવાદને સ્વીકાર્યો એટલે પ્રયત્નની ઉપેક્ષા કરવી. કર્મવાદમાં પ્રયત્નને પૂર્ણ સ્થાન છે. કર્મનો અર્થ જ એક રીતે પ્રયત્ન,-કરવું એટલે કર્મ! ભૂતકાળમાં થઈ ગયેલા કર્મના પરિણામ વખતે અફસોસ કર્યા વિના, ભાવિ માટે-હવે પછીના કાર્ય માટે સજાગ બની આગળ વધવું એનું નામ કર્મવાદ! આ સિદ્ધાન્ત જીવનની વિષમતાઓમાં જેમ શાન્તિ ભણી દોરી જાય છે, તેમ ભાવિના માર્ગમાં પ્રકાશ પણ પાથરે છે. એ સમજાવે છે કે:–What is done, Cannot be undone; but be careful for the future. જે થવાનું હતું તે થઈ ગયું છે, જે થયું છે તે મટવાનું નથી; પણ હવે તો તું સાવધાન થા. આ સમજણ આવતાં અણધારી આવેલી વિષમ સ્થિતિમાં મન સ્વસ્થ રહે છે, ને આગળના પંથમાં એ સુસજ્જ ને વ્યવસ્થિત થઈ પ્રયાણ કરે છે. અને તેથી જ મયણાસુંદરી કર્મવાદને માનવા છતાં નિર્માલ્ય બની બેસી ન રહેતાં, પુરુષાર્થથી એ કર્મોને કઈ રીતે દૂર કરવાં તેનું માર્ગદર્શન ગુરુ પાસે માગે છે. અને મહાજ્ઞાનીએ ચીંધેલી આરાધનામાં શ્રદ્ધા અને દૃઢ સંકલ્પપૂર્વક એ લાગી જાય છે!

સાથેસાથે એક ગભરુબાળા સિદ્ધાન્ત ખાતર રાજ્યસુખ અને સ્નેહીઓની હૂંફનું બલિદાન આપીને પણ પોતાના સિદ્ધાન્તને અણનમ રીતે પાળે છે અને તીવ્ર પ્રયત્નો દ્વારા –શ્રી. સિદ્ધચક્રની આરાધના દ્વારા–પોતાના કોઢિયા પતિને નીરોગી બનાવી નારી જીવનનું એક ગૌરવભર્યું જવલન્ત દૃષ્ટાન્ત રજુ કરે છે.

આ સિવાય આજનો યુગ તર્કપ્રધાન બનતો જાય છે. આજે માણસ વસ્તુ માત્રને તર્કના ચીપિયાથી ઉપાડે છે પણ કર્મશાસ્ત્રની તીક્ષ્ણતાના અભાવે એ ચીપિયો એટલો તો સ્થૂલ બની ગયો છે કે સૂક્ષ્મ પ્રવાહોને તો એ સ્પર્શી જ નથી શકતો. સૂક્ષ્મ પ્રવાહોને સ્પર્શવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રયત્ન જરૂર કરે છે પણ તત્ત્વ એટલું સૂક્ષ્મ છે અને ચીપિયો એટલો સ્થૂલ છે કે બન્નેને મેળ જ ન ખાય અને કોઈકવાર સ્પર્શી જાય તોય શ્રદ્ધાના અભાવે એ પળવારમાં-સરી જાય અને મૂગા સ્થિતિ આવીને ઊભી રહે અને ક્યારે તર્ક ન પહોંચતાં બોલી ઊઠે છે: (It is inconvincable) આ કલ્પનામાં ન આવે એવી વસ્તુ છે. ત્યારે કર્મવાદનો અભ્યાસી કહેશેઃ જગતની કોઈ વસ્તુ અહેતુક નથી. (Effect of the Cause) હેતુની અસર તો છે જ. તો આ પ્રસંગ પાછળ પણ કર્મનું અદશ્ય બળ કામ કરતું હોવું જ જોઈએ. એના બળે જ આ સ્થિતિ ઊભી થઈ છે. આ વાત-એક જ વાતાવરણમાં રહેવા છતાં શ્રીપાળ પર કોઢ રોગની અસર થવી અને એમની માતા પર એની અસર ન થવી-આ પ્રસંગદ્વારા આપણને સમજાય છે. અહીં કર્મને ન સ્વીકારીએ અને માત્ર જંતુવિજ્ઞાનમાં જઈએ તો બન્ને પર એની સમાન અસર થવી જોઈએ, પણ તેમ નથી; કારણ કે બન્નેના જીવન પાછળ હેતુઓ ભિન્ન ભિન્ન છે, કર્મ જુદાં જુદાં છે.

આ રીતે આ રાસનો પ્રત્યેક પ્રસંગ કેવો સહેતુક છે તે ઊંડાણથી વિચાર કરતાં સમજાય તેમ છે. આ રાસ, કર્મગ્રન્થનો ઊંડો ને સૂક્ષ્મ અભ્યાસ કરવા અસમર્થ સામાન્ય વ્યક્તિ પર, પણ હળવા પ્રસંગોદ્વારા, પ્રત્યેક સંયોગો પાછળ કાર્ય કરતા ગઈ કાલના નિમિત્ત પર પ્રકાશ પાડી, કર્મના સિદ્ધાન્તોની અવિસ્મરણીય છાપ પાડી જાય છે.


અને એટલે જ, આ પાવનકારી જીવનચરિત્ર વર્ષમાં એકવાર નહિ, પણ બે વાર-ચૈત્ર ને આસોમાં વંચાય છે. વારંવાર વાંચવા છતાં આનું વાચન નીરસ નથી લાગતું અને જ્યારે જ્યારે વંચાય છે, ત્યારે એમાંથી રસનાં ઝરણાં વહે છે. એનું બીજું કારણ એ પણ છે કે, આના પ્રસંગો નિર્ગ્રન્થજીવનને સ્પર્શવા કરતાં ગૃહસ્થજીવનને સ્પર્શે છેઃ નારીશિયળ, સહિષ્ણુતા, દૃઢ સંકલ્પ ને નિઃસીમ શ્રદ્ધાદ્વારા અને પુરુષસૌજન્ય, સંયમ, ક્ષમા ને ભક્તિ-દ્વારા માનવતાની સીમા વટાવીને, સાધુતાની ભૂમિકા સુધી કયી રીતે પહોંચી શકે છે, આ વાત મયણાદેવીને શ્રીપાળે પોતાના સૌમ્ય આચરણથી આમાં પૂરવાર કરી છે.

એક રીતે તો આ રાસને પ્રકાશ ને અંધકારના યુદ્ધનો ઇતિહાસ કહીએ તોય ચાલે. શ્રીપાલનો સૌજન્યતાભર્યો પ્રકાશ, ધવળની દુર્જનતાના અંધકાર પર વિજય કઈ રીતે મેળવે છે એનું તલસ્પર્શી વિવેચન એટલે, 'શ્રીશ્રીપાલનો રાસ'!

(સાધના પ્રકાશનમંદિર તરફથી પ્રકાશિત 'શ્રીપાલના રાસ'નું નૈવેદ્ય)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રાચીન સમયમાં ભજવાયેલાં જૈન નાટકો

લેખક : પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

**ભા**રતીય સાહિત્યના સર્જનમાં જૈનોનો ફાળો જેવો તેવો નથી. સાહિત્યનાં વિવિધ અંગોમાં નાટક એક મહત્ત્વનું અને આકર્ષણનું અંગ ગણાય છે. એને વિકસિત કરવામાં અને એ દ્વારા જૈન સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં જૈન ગ્રન્થકારોએ પોતાની શક્તિનો ઉપયોગ કર્યો છે. 'શ્રમણ ભગવાન્' મહાવીરસ્વામીની પૂર્વેની કોઈ જૈન કૃતિ ભાગ્યે જ સચવાઈ રહી હશે અને જે કોઈ હશે તે ધાર્મિક હશે અને એને કોઈક રીતે આગમોમાં ગૂંથી લેવાઈ હશે. આવી પરિસ્થિતિમાં મહાવીરસ્વામી કરતાં વધારે પ્રાચીન સમયનું કોઈ નાટક આજે ન મળતું હોય તો તેમાં નવાઈ નથી.

રાયપસેણિય, રાયપસેણઈઅ, રાયપ્પસેણઇય અને રાયપ્પસેણઇજ્જ એમ વિવિધ પાઈય નામોથી અને રાજપ્રશ્નીય એવા સંસ્કૃત નામે ઓળખાવાતા બીજા ઉવંગમાં સૂર્યાભદેવનો અધિકાર આવે છે. એણે મહાવીરસ્વામીની, બત્રીસ પ્રકારનાં નાટક ભજવી બતાવવા ત્રણવાર સમ્મતિ માગી પણ ઉત્તર ન જ મળ્યો એટલે એણે દેવકુમારો અને દેવકુમારી વિકુર્વી તેમને નાટક ભજવવા ફરમાવ્યું. છેલ્લા નાટકમાં મહાવીરસ્વામીનાં ચ્યવન, ગર્ભસંહરણ, જન્મ, અભિષેક, બાલક્રીડા, યૌવન, નિષ્ક્રમણ, તપશ્ચર્યા, કેવલજ્ઞાનની પ્રાપ્તિ, તીર્થનું પ્રવર્તન અને નિર્વાણ એ બાબતો બતાવાઈ. આ સમયે વાજિંત્રો વગાડયાનો, સંગીત સુણાવ્યાનો નૃત્ય કર્યાનો અને અભિનયો કર્યાનો જેમ ઉલ્લેખ મળે છે તેમ મોંએથી સંવાદાદિ બોલાયાનો ઉલ્લેખ જોવાતો નથી વિશેષમાં આ 'મૂક અભિનય' હોય તો પણ એ નાટક ભજવાયા બાદ પણ એ લિપિબદ્ધ કરાયું હોય તો તે પ્રકારનો ઉલ્લેખ જણાતો નથી.

પુપ્ફિયા નામના દશમા ઉવંગમાં ચન્દ્ર નામના ઇન્દ્રે મહાવીરસ્વામીની સમક્ષ સૂર્યાભદેવની પેઠે નાટ્યવિધિ બતાવ્યાનો ઉલ્લેખ છે. આ ઉવંગમાં સૂર્યે, શુક્રે, બહુપુત્રિકા દેવીએ તેમજ પૂર્ણભદ્રે, માણિભદ્રે, દત્તે, શિવે, બલે અને અનાદતે (અનાઢિય) પણ નાટ્યવિધિ બતાવ્યાનો ઉલ્લેખ છે. આ દશ વ્યક્તિઓ તરફથી ભજવાયેલાં નાટક પણ લિપિબદ્ધ થયેલાં હોય એમ જણાતું નથી.

દસવેયાલિયની નિજ્જુત્તિમાંથી ઉદ્ધરેલી પ્રશાખા તરીકે નિર્દેશાતી અને ભદ્રબાહુસ્વામીની કૃતિ તરીકે ઓળખાવાતી પિંડનિજ્જુત્તિમાં ગા. ૪૭૪-૪૮૦ માં 'રટ્ઠવાલ' નાટક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભજવાયાની વાત છે. ભરત ચક્રવર્તીના જીવનવૃત્તાન્તને અંગેનું આ નાટક પાટલિપુત્રમાં આષાઢાભૂતિ નામના મુનિએ ભજવ્યાનો અહીં ઉલ્લેખ છે. એ નાટક જોઈને અનેક રાજાઓ અને રાજકુમારો સંસારથી ઉદ્વિગ્ન બની દીક્ષા લેતા હતા. આથી સંસારને હાનિ થશે અને પૃથ્વી ક્ષત્રિય વિનાની બનશે એવો ભય ઉત્પન્ન થતાં એ નાટકનો નાશ કરાયો એમ આ પિંડનિજ્જુત્તિની વૃત્તિ (પત્ર ૧૩૯ અ)માં એના રચનાર મલયગિરિસૂરિએ કહ્યું છે. આ પરિસ્થિતિને લઈને આપણે આજે આ નાટકથી વંચિત બન્યા છીએ.

ઉત્તરજ્ઝયણના ઉપર નેમિચન્દ્રસૂરિએ વિ. સં. ૧૧૨૯માં વૃત્તિ રચી છે. આ 'મૂલસુત્ત' તરીકે ઓળખાવાતા આગમના અ. ૧૩ના ૧૯૬મા પત્રની વૃત્તિમાં તેમજ અ. ૧૮ના ૨૪૦મા પત્રની વૃત્તિમાં મહુયરીગીય અને સોયામણિ એ બે નાટકોનો અનુક્રમે ઉલ્લેખ છે.

વિ. સં. ૧૪૦૫માં રાજશેખરસૂરિએ પ્રબન્ધકોશ યાને ચતુર્વિંશતિપ્રબન્ધની રચના કરી છે. આમાંનો નવમો પ્રબન્ધ બપ્પભટ્ટિસૂરિને અંગેનો છે. એમાં બપ્પભટ્ટિસૂરિના ગુરુભાઈ નન્નસૂરિએ વૃષભધ્વજચરિત્ર નાટકરૂપે રચ્યું. નન્નસૂરિએ તેમજ ગોવિન્દસૂરિએ ગુટિકા વડે વર્ણનું અને સ્વરનું પરાવર્તન કરી નટનો વેષ ધારણ કર્યો. એ નાટક નટોને શીખવાયું. પછી આમ નરેશ્વર સમક્ષ એ ભજવી બતાવાયું. તેમાં ભરત અને બાહુબલિ વચ્ચેના યુદ્ધનો પ્રસંગ એવો અદ્ભુત રીતે 'વીર' રસથી જમાવાયો કે આમ રાજા અને એના સુભટો તરવાર ખેંચીને ઊભા થઈ 'મારો, મારો' એમ બોલવા લાગ્યા.

આમ આ નાટક જે આમ રાજાના દરબારમાં ભજવાયું હતું તે આમ રાજા ઈ. સ.ની આઠમી સદીમાં થઈ ગયા છે એમ મનાય છે. આ નાટક લિપિબદ્ધ થઈ કોઈ સ્થળે સચવાઈ રહ્યું હોય એમ જાણવામાં નથી.

વિબુધાનન્દ—શીલાચાર્યની કૃતિ તરીકે ઓળખાવાતા મહાપુરિસચરિયમાં કર્તાએ વિબુધાનન્દ નામના એકાંકી નાટકને ગૂંથ્યું છે.[1] આ નાટક કોઈ વેળા ભજવાયું હોય તો તેની તપાસ કરવી બાકી રહે છે.

બુદ્ધિસાગરસૂરિએ કોઈ નાટક કે નાટકો રચ્યાં હોવાં જોઈએ એમ વર્ધમાનસૂરિએ વિ. સં. ૧૧૪૦માં રચેલા મનોરમાચરિત્રની પ્રશસ્તિ જોતાં જણાય છે. શું એ નાટક કે નાટકો કોઈ વેળા ભજવાયાં હતાં ખરાં?

'કલિકાલસર્વજ્ઞ'[2] હેમચન્દ્રસૂરિના એક શિષ્યનું નામ દેવચન્દ્ર છે. એમણે બે નાટકો રચ્યાં છે. (૧) ચન્દ્રલેખાવિજય પ્રકરણ ને (૨) માનમુદ્રાભંજન. ચન્દ્રલેખાવિજય પ્રકરણમાં પાંચ અંક છે. કુમારવિહારમાં મૂલનાયક પાર્શ્વજિનની ડાબી બાજુએ રહેલા અજિતનાથના જિનાલયમાં વસન્તોત્સવ પર કુમારપાલની પરિષદ્‌ના ચિત્તના પરિતોષ માટે એ રચાયું હતું. એનો રચનાસમય વિ. સં. ૧૨૦૭ની આસપાસનો છે. અર્ણોરાજને પરાસ્ત કરવામાં કુમારપાલે દાખવેલા પરાક્રમની પ્રશંસારૂપે આ નાટક રચાયું છે.

---

૧. જુઓ મારું પુસ્તક નામે પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય (પૃ. ૧૦૩).

૨. એમના શિષ્ય 'કવિકટારમલ્લ' રામચન્દ્રસૂરિએ જાતજાતનાં નાટકો—પ્રકરણ, વ્યાયોગ, નાટિકા વગેરે રચ્યાં છે. આની રૂપરેખા મેં જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ એ નામના મારા પુસ્તકમાં આલેખી છે. એ પુસ્તક અત્યારે તો અપ્રસિદ્ધ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**માનમુદ્રાભંજન**માં સનત્કુમાર ચક્રવર્તી અને વિલાસવતીનો અધિકાર આવે છે. આ નાટક કોઈ સ્થળે ઉપલબ્ધ છે ખરું ?

'મોઢ' વંશના મંત્રી ધનદેવ અને રુક્મિણીના પુત્ર શ્રાવક યશઃપાલે **મોહરાજ-પરાજય** નામનું નાટક (થરાદ)માં ત્યાંના કુમારવિહારક્રોડાલંકાર વીર જિનેશ્વરના યાત્રા-મહોત્સવના પ્રસંગે રચ્યું હતું. આ યશઃપાલ તે રાજા અજયપાલનો જૈન મંત્રી હતો. એણે આ નાટકમાં, ધર્મરાજ અને વિરતિની પુત્રી કૃપાસુન્દરીના કુમારપાલ સાથેનાં લગ્નની હકીકત ગૂંથી છે. આ રચના વિ. સં. ૧૨૨૯ થી ૧૨૩૨ના ગાળામાં થઈ છે એમ મનાય છે.

'ધર્કટ' વંશના ધનદેવના પુત્ર પદ્મચન્દ્રના પુત્ર શ્રાવક યશશ્ચન્દ્રે **મુદ્રિતકુમુદચન્દ્ર પ્રકરણ** નામનું નાટક રચ્યું છે. શ્વેતાંબર આચાર્ય દેવસૂરિ અને દિગમ્બર આચાર્ય કુમુદચન્દ્ર વચ્ચે ઈ. સ. ૧૧૨૪માં થયેલા વાદવિવાદરૂપ વસ્તુ આમાં ગૂંથી લેવાઈ છે. આ નાટક કોઈ વેળા ગુજરાતમાં ભજવાયું છે ખરું ?

દેવસૂરિના સંતાનીય જયપ્રભસૂરિના શિષ્ય રામભદ્રે છ અંક પૂરતું **પ્રબુદ્ધ-રૌહિણેય** નામનું નાટક રચ્યું છે. વિ. સં. ૧૨૨૧ના લેખમાં નિર્દેશાયેલ યશોવીરે અને એના ભાઈ અજયપાલે બંધાવેલા આદીશ્વરચૈત્યના યાત્રોત્સવને પ્રસંગે આ નાટક ભજવાયું હતું. રૌહિણેય ચોરને શ્રેણિક રાજાના પુત્ર અભયકુમારે કેવી યુક્તિથી પકડયો તેનું અહીં વર્ણન છે.

પ્રજ્ઞાચક્ષુ મહાકવિ શ્રીપાલના પુત્ર કવિ સિદ્ધપાલના [1]પુત્ર કવિ વિજયપાલે **દ્રૌપદી-સ્વયંવર** નામનું બે અંક પૂરતું નાટક રચ્યું છે. આ નાટક 'ભોળા' ભીમદેવની આજ્ઞાથી ત્રિપુરુષદેવ સામે વસન્તોત્સવના સમયે ભજવાયું હતું અને એના અભિનયથી 'અણહિલપુર' પાટણની પ્રજા પ્રમુદિત થઈ હતી. 'ભોળા' ભીમને 'ભીમદેવ બીજો' પણ કહે છે. એણે 'અભિનવ સિદ્ધરાજ' એવું બિરુદ ધારણ કર્યું હતું. એણે વિ. સં. ૧૨૩૫ થી ૧૨૯૮ સુધી રાજ્ય કર્યું હતું.

વસ્તુપાલના ગાઢ સંપર્કમાં આવેલા અને આઠ પ્રકરણમાં **અલંકારમહોદધિ** રચનારા નરેન્દ્રપ્રભસૂરિએ કાકુત્સ્થકેલિની રચના કરી છે, એમ રાજશેખરસૂરિકૃત **ન્યાયકન્દલી-પંજિકા** જોતાં જણાય છે. એક સૂચિના આધારે એ નાટક હોવાનું જણાય છે. આમાં રઘુવંશને લગતો વિષય હોય તો ના નહિ. આ નાટક ૧૫૦૦ શ્લોક જેવડું છે. પણ એ કોઈ સ્થળે હોય એવો ઉલ્લેખ જણાતો નથી તો પછી એ કોઈ વેળા ભજવાયું છે કે નહિ તે વિષે શું કહી શકાય ?

અભયદેવસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિના શિષ્ય બાલચન્દ્રસૂરિએ **કરુણાવજ્રાયુધ** નામનું પંચાંકી નાટક રચ્યું છે. એ વસ્તુપાલની આજ્ઞાથી શત્રુંજય ઉપરના ઋષભદેવના ઉત્સવમાં ભજવાયું હતું. વસ્તુપાલ વિ. સં. ૧૨૭૭માં શત્રુંજયની યાત્રાએ ગયા હતા એટલે એ સમય ઉપર આ નાટક રચાયું હશે. વજ્રાયુધ ચક્રવર્તી પોતાના પ્રાણના ભોગે પણ કબૂતરનું બાજ પક્ષીથી રક્ષણ કરે છે એ વાત [2]અહીં અપાઈ છે.

---

૧. પુત્ર અને પૌત્ર પણ પોતાની જેમ 'કવિ' હોય એવી ઘટના વિરલ જણાય છે એટલે આ શ્રીપાલ, સિદ્ધપાલ અને વિજયપાલની—આ ત્રણ 'પાલ'ની ત્રિપુટી ખાસ નોંધપાત્ર બને છે.

૨ આ શિબિ રાજાના વૃત્તાંતનું સ્મરણ કરાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરૂચના મુનિસુવ્રતસ્વામીના મન્દિરના આચાર્ય અને વીરસૂરિના શિષ્ય જયસિંહસૂરિએ **હમ્મીરમદમર્દન** નામનું નાટક રચ્યું છે. એમાં **વીરધવલે** અને **વસ્તુપાલે** **મીલચ્છીકાર** ( સુલતાન અલ્તમશ )ને હરાવ્યો એ બાબત ગૂંથી લેવાઈ છે. આ નાટકની રચના વિ. સં. ૧૨૭૬ થી ૧૨૮૫ના ગાળામાં થઈ હોય એમ લાગે છે. આ નાટક વસ્તુપાલના પુત્ર જયન્તસિંહની આજ્ઞાથી ખંભાતમાં ભીમેશ્વરદેવના યાત્રામહોત્સવને પ્રસંગે પહેલવહેલું ભજવાયું હતું. ' શકુનિકાવિહાર ' નામના મન્દિરની ભીંતમાં વસ્તુપાલ અને તેજઃપાલના અદ્ભુત દાનની પ્રશંસારૂપે રચાયેલું પ્રશસ્તિકાવ્ય પથ્થરમાં કોતરાવાયું હતું. એ કાવ્ય **હમ્મીરમદમર્દન**ની એક હાથપોથીના અન્તમાં મળે છે; બાકી અત્યારે તો આ મન્દિરની મસીદ બની ગઈ છે.

મેઘપ્રભસૂરિએ **ધર્માભ્યુદય** નામનું નાટક રચ્યું છે. એને **છાયાનાટ્ય પ્રબંધ** પણ કહે છે. એ દશાર્ણભદ્રનું જીવન રજૂ કરે છે. એ નાટક પાર્શ્વનાથના જિનાલયમાં યાત્રા પ્રસંગે ભજવાયું હતું, એ નાટકનો જર્મન ભાષામાં અનુવાદ થયેલો છે.

**શ્રીપાલ-નાટક**—આ નાટક રચાયાનો તો ઉલ્લેખ મળે છે, પણ એ કોઈ સ્થળે ભજવાયું છે ખરું ?

વિ. સં. ૧૩૪૭ની આસપાસમાં થઈ ગયેલા દિગંબર **હસ્તિમલ્લે** નીચે મુજબનાં નાટકો રચ્યાં છેઃ—

**અજંના-પવનંજય, મૈથિલીકલ્યાણ, વિક્રાન્ત-કૌરવ, અને સુભદ્રાહરણ.**

આ ઉપરાંત **અર્જુનરાજ** વગેરે [1]અન્ય નાટકો પણ એમણે રચ્યાનું કેટલાક માને છે.

હસ્તિમલ્લનાં આ નાટકો પૈકી કોઈ પણ નાટક કોઈ પણ સ્થળે ભજવાયું હોય તો તે જાણવું બાકી રહે છે.

કેટલાંક નાટકો જિનાલયમાં ભજવાયાના ઉલ્લેખ જોવાય છે. તેમજ જિનાલયના પ્રવેશદ્વારની સામેના અને ગર્ભાગારની આગળના ભાગને ' રંગમંડપ ' કહે છે તો આ ઉપરથી એક પ્રશ્ન સ્ફુરે છે કે શું એ ' રંગમંડપ 'માં નાટકો ભજવાતાં હશે? જો એમ જ હોય તો પ્રેક્ષક-વર્ગ માટે શી વ્યવસ્થા હશે ?

---

૧. આનાં નામ મેં **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** નામના મારા પુસ્તકમાં નોંધ્યાં છે.

[ અનુસંધાન પૃષ્ઠ : ૧૪ થી ચાલુ ]

નામ **ગધૈયા** રાખ્યું. આજે પણ ગૂજરાત, માળવા અને રાજપૂતાનામાં ગધૈયા-સિક્કા ઘણા મળે છે.

સાંડેરાવના મંદિરના એ સિક્કાઓ પણ ગધૈયા છે. એ લોકવાયકા અને એ સિક્કાઓના કાળનો સમન્વય કરીએ તો એ મંદિર લગભગ સાતમી સદીનું ઠરે છે. સંડેરકગચ્છ પણ આઠમી સદીનો ચૈત્યવાસી ગચ્છ છે અને તેનું આ જૂનામાં જૂનું દેરાસર છે.

આ મંદિરમાં મૂળનાયક ભગવાન **મહાવીર**સ્વામી હતા, આજે અહીં પરિકરવાળા મૂળનાયક છે. પણ તેની નીચે લેખ કે લાંછન નથી. જૈનો તેને શાંતિનાથ ભગવાન તરીકે ઓળખે છે.

એકંદરે સાંડેરાવ એ પ્રાચીન નગર છે. પ્રાચીન જૈનધામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગાંડી!

લેખક : પૂજ્ય પં. શ્રીધુરંધરવિજયજી

સૂર્ય આકાશમાં ઊંચે ચડતો હતો ત્યારે એક તપસ્વિની પોતાના સ્થળથી ચાલી નીકળતી. એ સ્ત્રીને એક ધૂન લાગી હતી. ગામમાં જેવો પ્રવેશ કરે કે તરત જ કોણ જાણે ક્યાંથી તેની પાછળ પાંચ પચીસ છોકરાનું ટોળું જામી જતું. 'એ ગાંડી, ગાંડી' એવી બૂમરાણો મચાવીને વગર પૈસે તે ટોળું એ સ્ત્રીને પ્રસિદ્ધિ આપતું હતું. ટોળામાંથી બે પાંચ છોકરાઓ દૂર થતા—ખસી જતા ત્યાં તો બીજા પાંચ—સાત છોકરાઓ આવી મળતા. ટોળાની સંખ્યા દિવસ ચડવાની સાથે વધતી જતી, પણ ઘટતી નહિ.

છોકરાઓમાંથી કોઈ છોકરો કાંકરા મારતો તો કોઈ હાથના ચેનચાળા કરીને તે સ્ત્રીને ચીડવવા માટે પ્રયત્ન કરતો. આવા જુદાજુદા અનેક પ્રકારનાં કષ્ટોને ગણકાર્યા સિવાય તે સ્ત્રી પોતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે આગળ ધપતી. એક ગલીમાંથી બીજી ગલીમાં, એક બજારમાંથી બીજા બજારમાં, એક લત્તામાંથી બીજા લત્તામાં; એમ આખા ગામમાં તે ભટકતી. તે પોતાના સગા પુત્રની શોધમાં હતી.

જેની શોધમાં તે સ્ત્રી નીકળી હતી. તે શરીરે સુકુમાર હતો. પ્રથમ વયમાં આવતાં જ તે કુમાર સંયમી બન્યો હતો, સંયમના કઠિન અને કઠોર અનુષ્ઠાનો તેને દુષ્કર જણાતાં ન હતાં, તેથી તે મૂંઝાતો નહિ. ઊલટું તેની આવા વિષમ માર્ગમાં પણ પ્રસન્નતા જોઈને અનેકને પ્રેરણા મળતી. અનેકને એ આલંબનભૂત બનતો. તેનું મુખ્ય કારણ એક એ પણ હતું કે તે કુમારને તેના પિતાની હૂંફ હતી. પિતા પણ સાથે જ સંયમી થયા હતા પુત્રનું સર્વ પ્રકારે સંયમી જીવન નિરાબાધ રહે તેની તેઓ પૂરેપૂરી કાળજી રાખતા. વિનય અને અનુરાગ એ બેનું સંમિશ્રણ આ વૃદ્ધ તાતમુનિના જીવનમાં પોતાના પુત્રને અવલંબીને એટલું સુન્દર ખીલી ઊઠયું હતું કે બીજા માટે એ અનુકરણીય મનાતું. એ વૃદ્ધ મુનિ પોતાનું કર્તવ્ય કર્યે જતા હતા. અને બાળમુનિ એ સુંવાળી હૂંફમાં સમય કેમ પસાર થાય છે એ પણ જાણતા ન હતા. દિવસો, મહિનાઓ અને વર્ષો વીતી ગયાં. મુનિ કુમાર મટી યુવાન થયા. યૌવનને આંગણે મુનિ આવ્યા નહિ ત્યાં તો તાતમુનિ સ્વર્ગે સીધાવ્યા. પિતા પરલોક જતાં ગોચરી લાવવી, પાણી લાવવું. બહાર જવું વગેરે સર્વ કાર્યભાર એ મુનિને માથે આવી પડ્યો. કોઈ પણ વખત નહિ કરેલાં કાર્યો પોતાને માટે કરવાં તેમને અનિવાર્ય બન્યાં. મુનિ અકળાતાં પણ કરે શું! ન કરે તો કોણ કરી આપે? કર્યા સિવાય છૂટકો ન હતો. ગ્રીષ્મ ઋતુના ખરેબપોરે પાત્રાં લઈને એ પ્રથમવાર ગોચરી માટે નીકળી પડ્યા.

ધોમ ધખી રહ્યો હતો. ધરતીમાંથી જાણે ધૂમાડા નીકળતા હોય એમ ઝીણી રજ ઊંચે ચડતી હતી. ઘરમાંથી બહાર નીકળવાનું કોઈને મન પણ થતું ન હતું. નગરમાર્ગો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂમસામ શાંત હતા. સાંકડા ને ટૂંકા માર્ગો પણ લાંબા ને પહોળા લાગતા હતા. એવા વિજન માર્ગ ઉપર એ મુનિ ચાલ્યા જતા હતા. ગોચરી કેમ વહોરવી એનો તેમને વ્યવસ્થિત અનુભવ ન હતો. માથું ખુલ્લું હતું, પગ અડવા હતા. માથું તપતું હતું ને પગ દાઝતા હતા. પગ ધરતી પર મૂકતાંની સાથે ઉપાડી લેવાનું મન થતું હતું. પેટમાં સખત ભૂખ લાગી હતી, વહોરીને લાવ્યા સિવાય બીજો કોઈ ઉપાય ન હતો. ધગધગતી ધરતી ઉપર એકદમ આગળ વધી શકાતું ન હતું. માથાને અને પગને ઠંડક આપવા માટે કોઈ છાયામાં થોડો વખત ઊભા રહેવાનો મનમાં વિચાર કરતા મુનિ માર્ગ કાપતા હતા. એક ઊંચી હવેલીની અટારી નીચે મુનિ આવી પહોંચ્યા ને ઊભા રહ્યા. તેમના મનમાં અનેક ગડમથલો મચી રહી હતી.

જે સ્થળે મુનિ ઊભા હતા તેની સામે જ શ્રીમન્તાઈનો ખ્યાલ કરાવતું—જાણે મોહ રાજાનું જામેલું સામ્રાજ્ય હોય એમ પ્રથમ દર્શને જ સ્પષ્ટ તરી આવતું મહાલયસમું સુંદર મકાન હતું. એ મકાનમાં ચિરવિરહ સંતપ્ત એક યુવતી રહેતી હતી. યુવતી બારીમાં ઊભી ઊભી માર્ગ ઉપરથી કોણ આવે છે તે જોયા કરતી હતી. છાયામાં વિચારમગ્ન ઊભેલા મુનિને એ યુવતીએ નીરખ્યા. જોતાંની સાથે જ મુનિ તેના મનમાં વસી ગયા. યુવતીએ દાસીને બૂમ મારીને કહ્યું કે—'સામે ઊભેલા મુનિને અહીં બોલાવી લાવ.'

દાસી મુનિ પાસે ગઈ અને પોતાનું આંગણું પવિત્ર કરવા માટે વિનંતિ કરી. વિચારશૂન્ય-યંત્રની માફક મુનિ કાંઈ પણ બોલ્યા વગર દાસીની પાછળ પાછળ ચાલ્યા. મુનિએ મકાનમાં પ્રવેશ કર્યો. જાણે વિરતિસદનમાંથી રતિસદનમાં પ્રવેશતા હોય એમ.

આંખ નચાવતી, મુખ મલકાવતી, પાલવ સંકોરતી યુવતીએ મુનિને આવકાર આપ્યો. એ આવકારમાં ભારોભાર વિકાર ભર્યો છે તેનું ભાન મુનિને વખત જતાં થયું. જે રસનો અનુભવ કદી કરવો નથી એવા પ્રતિજ્ઞાબદ્ધ મુનિને એ રસે ખેંચ્યા—ને મુનિ મૌન ધારણ કરીને એ રસમાં ખેંચાયા—તણાયા અને જાણે ડૂબી ગયા.

સમય ઘણો પસાર થયો છતાં મુનિ ઉપાશ્રયે પાછા ન ફર્યા. એટલે સહવર્તી મુનિઓને ચિંતા થવા લાગી. તેઓએ તપાસ કરી—કરાવી પણ ક્યાંઈ પત્તો ન લાગ્યો. પોતાની સાધનામાં મગ્ન મુનિઓ તો છેવટે ચિંતા મૂકીને એ વાત ભૂલી પણ ગયા. પરંતુ એ વાત ભૂલી ન શકી એક વ્યક્તિ—એ વ્યક્તિ હતી, આ મુનિની માતા. તેણે જ્યારે ઉપાશ્રયે આ વાત સાંભળી કે—ગોચરી વહોરવા ગયેલા મુનિ હજુ સુધી પાછા આવ્યા નથી—ત્યારે તેનું હૃદય વલોવાવા માંડયું. વ્યાકુળ મને એ તેની શોધમાં નીકળી પડી.

માર્ગમાં જે કોઈ મળે તેને એ પૂછતી કે અમુક મુનિને જોયા છે? ક્યાં છે એ? મને બતાવોને? એ તેનું વર્ણન કરવા લાગતી. તેનું રૂપ આવું છે. સ્વરૂપ આવું છે. આટલી ઊંચાઈ છે. આવું નાક છે. આવી આંખો છે. કપાળ વિશાળ છે. વગેરે પરિચય આપીને પૂછતી. કોઈ તો કહેતા કે આવા મુનિને ક્યાંય જોયા છે—સાંભળ્યા છે? એકાદ બે દિવસ તો કોઈને વિચિત્ર ન લાગ્યું. પણ જ્યારે હંમેશનો આ કાર્યક્રમ થઈ ગયો ત્યારે લોકોના મનમાં થઈ ગયું કે આનું ચસકી ગયું છે.

વાત વહેતી થઈ ગઈ કે, એક સાધ્વી ગાંડી થઈ ગઈ છે ને આખો દિવસ ગામમાં બધાને એકની એક વાત પૂછતી ફરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધ્વી પણ સવારથી નીકળે, ગલીએ ગલીએ ને લત્તે લત્તે ભમે ને જે મળે તેને પૂછે. સાંજ પડે એટલે પોતાને સ્થાને પહોંચી જાય. નથી તેને ખાવાનું ભાન કે નથી સૂવાનું. દિવસો-મહિનાઓ અને વર્ષો થયાં તેની આંખ વહાલસોયા પુત્રની ભાળ મેળવવા મીંચાણી નથી. આંખનું ધારણ પણ એ 'ગાંડી' છે એમ લોકોને જણાવવા દરેક ક્ષણે તૈયાર હતું. પછી તો એ નીકળે ને તેની પાછળ છોકરાઓનું ટોળું જામી જાય-જાણે એક મોટો વરઘોડો નીકળ્યો હોય એવું વાતાવરણ જામે.

સવારનો સમય છે. અટારીમાં યુવક અને યુવતી બેઠાં છે. યુવકના કેશકલાપમાં યુવતીના હાથની આંગળીઓ ફરી રહી છે. યૌવનસુલભ અનેક ચેષ્ટાઓ યુવતી કરી રહી છે.

ગમે તેમ હો પણ યુવક આજ સવારથી ઊઠયો ત્યારનો કોઈ અગમ્ય વિચારમાં લીન બની ગયો. એના મનમાં શું વિચાર ચાલે છે-તેની સમજ યુવતીને પડતી નથી એટલે યુવતી માને છે કે આજ કોઈ વગર કારણે જ એ રીસાયા લાગે છે. નહિ તો પરાણે બોલાવે એવા એ આજ કેમ બોલતા નથી !

દિવસ ઊંચે ચડયો ને — શેરીમાં 'ગાંડી' ની જોરદાર બૂમ પડી અટારીમાંથી યુવકે માર્ગ ઉપર નજર કરી તો........એક સ્ત્રી રસ્તે જતા — આવતા દરેકને પૂછી રહી છે- કોઈએ મારો અરણીક જોયો છે. જોયો હોય તો કહો — તે આવો છે તેવો છે —

સ્ત્રી પાછળ છોકરાઓનું ટોળું જામી ગયું છે. આ દૃશ્ય જોઈ જોઈને જનતા ટેવાઈ ગઈ હતી. એટલે કોઈ ખોટી થતું નહોતું. સહુ પોતપોતાને કામે ચાલ્યા જતા હતા.

પણ — અટારીએથી જોનાર યુવકને માટે આ દૃશ્ય તદ્દન નવીન હતું. એટલું જ નહિ, પણ હૃદયમાં આંચકો લાવે એવું હતું.

ક્યાં પોતે ? ને ક્યાં આ દૃશ્ય ખડું કરતી સાધ્વી માતા !

પોતાનો ભૂલાઈ ગયેલો ભૂતકાળ નજર સામે તરવરવા લાગ્યો. આ દર્શન માત્રથી તેના હૃદયમાંથી મોહની સેનાએ ચાલતી પકડી. જાણે ઘેન ઊતરી ગયું અને તે પણ એ મહાલયમાંથી નીચે ઊતરી પડયો ને સાધ્વીના પગમાં પડયો. યુવકના મુખમાંથી એક શબ્દ સરી પડયો. 'મા !' — ને તેણે આગળ ચલાવ્યું : 'હું કાયર બન્યો. સંયમની કઠોરતા સામે હું ટકી શકયો નહિ, હું અપરાધી છું — ઘોર અપરાધી છું. મારે કારણે — તારી આ દશા ? હવે હું નહિ ડગું — હું ફરી એ માર્ગે ચાલીશ ને પાર ઊતરીશ — મા ! ચાલ-મને ગુરુ મહારાજ પાસે લઈ ચાલ' — માનું મન ઠેકાણે આવી ગયું.


પોતાના પુત્રને લઈને તે ગુરુમહારાજ પાસે આવી. પુત્રે પોતાની ફરી સાધના કરવાની તત્પરતા બતાવી. યોગ્ય આત્માને ફરી આગળ વધવા માટે યોગ્ય સલાહ આપીને ગુરુ મહારાજે ફરી તક આપી. શરીરમોહ આત્માને મારી રહ્યો છે માટે જો સાધનામાં અચળ બનવું હોય તો એ દૂર કરવો જોઈએ. અગ્નિ જેથી ધગધગતી પથ્થરની શિલા ઉપર ઊઘાડે દિલે અરણીકે અનશન કર્યું.

છેવટે અખંડ ચારિત્રનું આરાધન કરીને અરણીક મુનિ અમર બન્યા.

નગરની જનતાએ કેટલાએક વખત સુધી વાતો કરી કે હવે પેલી ગાંડી કેમ નથી દેખાતી ! પણ જાણકારો તો જાણતા હતા કે એ ગાંડી ન હતી પણ પોતાનું અને પરનું ગાંડપણ દૂર કરવાની તાલાવેલીવાળી ખૂબ ડાહી—પરમ સાધ્વી હતી એ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાંડેરાવ

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીજ્ઞાનવિજયજી (ત્રિપુટી)

જૈનસંઘ ઉત્તર ભારત અને પૂર્વ ભારતમાંથી હિજરત કરી રાજપૂતાનામાં આવ્યો ત્યારે તેણે અહીં આવતાં આ પ્રદેશનાં ઘણાં સ્થાનોને પોતાનાં પ્રાચીન તીર્થોની જેમ જમાવ્યાં છે, તેમાંનું **સાંડેરાવ** પણ એક છે.

સાંડેરાવ બહુ પુરાણું નગર છે. પહેલેથી આજસુધી અહીં જૈનોની સંખ્યા મોટા પ્રમાણમાં મળે છે. આજે પણ અહીં તપગચ્છ જૈનોનાં લગભગ ૪૦૦ ઘર છે અને ૨ દેરાસર છે.

ઇતિહાસ[1] કહે છે કે, અહીંથી સંડેરક નામનો ગચ્છ ઉત્પન્ન થયો હતો, જેનાં ષંડેરક, સંડેરક, ખંડેરક વગેરે નામો મળે છે, જેમાં આ૦ **યશોભદ્રસૂરિ**, જેમણે ખેડબ્રહ્માના જૈન દેરાસરને આકાશ માર્ગે ઉડાવી લાવી નાડલાઈ તીર્થમાં સ્થાપ્યું હતું, અને નવા જૈનો બનાવ્યા હતા. આ૦ **બલભદ્ર**, જેમણે તે સમયના જૂનાગઢના રાજા રા'ખેંગારને ચમત્કાર બતાવી ગિરનાર તીર્થને બીજાના હાથમાં જતાં પાછું વાળ્યું હતું અને હત્થુંડી[2] નામે નવા ગચ્છની સ્થાપના કરી હતી. મહાતપસ્વી **ખિમઋષિ**, જેમણે ધારાના રાજા મુંજના ભાઈ સિંધુલના માનીતા રાવતને દીક્ષા આપી હતી, જુદા જુદા ૮૪ અભિગ્રહો કર્યા હતા, જે દરેકનાં પારણાં થયાં હતાં. આ હકીકતો, એ સમયે આ પ્રદેશમાં તેમનો કેવો અને કેટલો પ્રભાવ હતો, એ જાણવા માટે સબળ કારણો આપે છે. સાંડેરાવ, નાડોલ, નાડલાઈ, રાતા-મહાવીર[3] વગેરે આ ગચ્છનાં પ્રધાન ક્ષેત્રો હતાં. નાડોલના ચૌહાણ રાજાઓ પણ સંડેરક ગચ્છના આચાર્યોના ઉપાસક હતા.[4]

અહીં પ્રાચીન સમયનું દેરાસર છે. વિક્રમની નવમી શતાબ્દી પહેલાનું હોય એમ કેટલાએક કારણોથી અનુમાન કરી શકાય છે. તેમાં જુદા જુદા સંવતના શિલાલેખો છે. જે પૈકીના કેટલાએકની નોંધ નીચે આપીએ છીએ.

મોટા દરવાજામાં પેસતાં માથે ચોકીના પાટડાનો લેખ—સં. ૧૨૨૧ મહા વદિ ૨ કેલ્હણદેવના રાજ્યમાં તેની રાજમાતા આનલદેવીએ સંડેરકગચ્છના દેરાસરમાં મૂળનાયક ભગવાન મહાવીરસ્વામીના ચૈત્ર શુદ ૧૩ના કલ્યાણકનિમિત્તે જુવારનો એક હારો આપ્યો,

---

૧. જૈન પરંપરાનો ઇતિહાસ, પૃ. ૫૬૮ થી ૫૭૯

૨. એજન, પૃ. ૫૭૭

૩. ગોલવાડમાં સેવાડી પાસે હત્થુંડીને સ્થાને રાતા મહાવીરનું તીર્થ છે, જેમાંથી વિ. સં. ૧૦૧૧, ૧૧૨૩ના શિલાલેખો મળે છે. સં. ૧૦૫૧નો શાન્તિભદ્રાચાર્યનો લેખ, સં. ૧૩૪૪ની હત્થુંડી ગચ્છના આચાર્યની પ્રતિમા, સં. ૧૭૨૫નો લેખ, સં ૧૭૬૭ની તપગચ્છના આચાર્યોની ચરણપાદુકાઓ છે. સં. ૧૩૩૧, ૧૩૩૬, ૧૩૪૫, ૧૩૫૬માં નાડોલના ચૌહાણ રાજાઓએ સેવાડીના બજાર પર રાતા મહાવીરના દેરાસરના કામો માટે નાખેલા લાગાઓના શિલાલેખો વિદ્યમાન છે. હત્થુંડીમાં પહેલાં સં. ૯૯૩ થી ૧૦૭૦ સુધી રાઠોડ રાજાઓનું રાજ્ય હતું, જે દરેક જૈનધર્મના પ્રેમી રાજાઓ હતા. (જુઓ જૈન. પ. ઈ. પૃ. ૫૯૨ થી ૫૯૫) ત્યારબાદ ત્યાં નાડોલના ચૌહાણોનું રાજ્ય હતું.

૪. જુઓ જૈ. પ. ઇતિહાસ પૃ. ૫૯૩, જુઓ શિલાલેખો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાઠોડ પાતૂ વગેરેએ ૧ દ્રમ્મ આપ્યો, અને સાંડેરાવના સુથાર વગેરેએ કલ્યાણકનિમિત્તે જુવારનો હારો આપ્યો.[5]

એક થાંભલા ઉપર લેખ છે. તેમાં સં. ૧૨૩૬ના કા. વ. ૨ બુધવારે, નાડોલના રાજા કેલ્હણદેવના રાજ્યમાં રાણી જાલ્હણદેવીના તાબાના પ્રદેશમાં સંડેરક ભ. પાર્શ્વનાથની કૃપાથી થાથાના પુત્ર રાલાએ પરિવાર સાથે આત્મકલ્યાણ માટે પોતાનું ઘર આપ્યું. રાલાના માણસોએ હારા ૪ આપ્યા, ગોઠીઓએ સારવાર કરવી. એ જ રાલ્હા અને પાલ્હાએ દેરાસરમાં થાંભલો કરાવી આપ્યો. સંવત ૧૨૬૬ જેઠ શુદ ૧૩ શનિવારે.

માતા ધારમતિએ થાંભલો ઊભો કરાવ્યો.[6]

(૧) ભગવાન આદિનાથના તોરણમાં ડાબી બાજુનો લેખ-

**ॐ सं. ११९५ माघ वदि पक्षे +**

(૨) આચાર્યની મૂર્તિ નીચેનો લેખ—

**ॐ श्रीखंडेरकचैत्ये पंडित-जिनचंद्रेण गोष्ठियुतेन धीमता ॥ देवनाग-गुरोर्मूर्तिः कारिता मुक्तिवांछता ॥ सं० ११९३ वैशाख वदि ३**

આચાર્યની નીચે ૪ ભક્ત મૂર્તિઓ છે તેનાં નામો **प्र + ज्ञः** (હાથમાં કપડું છે) **पं० जिनचंद्रः** (પગ હાથે છે) **थिरपाल** (હાથ જોડીને ઊભો છે) **शुभंकर** (હાથમાં ફુલછાબ લઈ ઊભો છે.[7]

(૫) **ॐ ॥ संवत् १२६९ वर्षे फागुण शुदि ४ गुरौ अद्येह श्रीखंडेरकनिवासी श्रे० गुणपाल (+) पुत्रि कल्याणा० गोला० भूम्या: सुखमिणिस्वामिकस्य श्रीमहावीरदेवचैत्ये खतिका कारापिता ॥**

આ લેખ ભમતીની એક દેરીના ઊત્તરંગ ઉપર ખોદેલો છે. આ દેરીમાં આજે આ૦ વિજયહિમાચલસૂરિપ્રતિષ્ઠિત પ્રતિમા વિરાજે છે.

(૬) ભ૦ ચંદ્રપ્રભુની નીચે છૂટા પરિકરમાંનો શિલાલેખ (પડિમાત્રા)—

**सं. १३०२ माघ शु० १५ शुक्रे हारिजगच्छीयश्रीमहेन्द्रसूरिशिष्यश्रीगुणभद्रसूरीणामुपदेशेन पितृव्यनागदेवीघादिकुटुंबानुमत्या सुतक्षेमसिंहेन पितृश्रे० जयताश्रेयसेसुदेवकुलिकं श्रीवीरबिंबं का०**

(૭) ભોયરામાં એક શિલાલેખ છે.

(૮) ઉપાશ્રયમાં પહેલી લાઈનની નં૦ ૨, ૩, ૪ ચોકીઓ, બીજી લાઈનની ૧ ચોકી અને ત્રીજી લાઈનની નં૦ ૧ ચોકીના પાટડાઓમાં શિલાલેખો છે.

(૯) **संवत् +९++(५०) वर्षे श्रावण शुदि ६ दिने सकल पंडितशिरो-(*) मणि पं० श्री ५ पं०माणिक्यविजय तत् (*) शिष्य पं० शांतिविजयशिष्य रविविजयपादुकाय(यै) नमः (*)**

દેરાસરની ડાબી બાજુની દીવાલમાં ઉપસાવેલી મૂર્તિ છે, જેની સામે અખંડ દીવો રાખવામાં આવે છે.

દેરાસરના ગુપ્ત ભંડારમાં ગધૈયા સિક્કા છે, જે હાલ સંઘની પેઢીમાં સુરક્ષિત છે.

---

૫, ૬. જુઓ, આત્માનંદસભાનો પ્રાચીન લેખ સંગ્રહ, નં. ૩૪૯, ૩૫૦

૭. રાતા મહાવીરજીમાં એક દેરીના પાટડા ઉપર આ૦ દેવનાગનો શિલાલેખ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરના શિલાલેખો વગેરેથી નક્કી થાય છે કે, સાંડેરાવમાં સં. ૧૧૧૫ પહેલાં સંડેરક ગચ્છનું ચૈત્ય હતું. સં. ૧૧૯૩ પહેલાં દેવનાગસૂરિ થઈ ગયા. સુખમિણિ નગરથી લાવેલ ભગવાન મહાવીરસ્વામી મૂળનાયક હતા. અહીં મહાવીર જન્મકલ્યાણકનો મોટો ઉત્સવ થતો હતો, એ નિમિત્તે રાણી વગેરેએ દાન આપ્યું હતું. દેરાસરની ભમતીમાં દેરીઓ હતી. ઉપાશ્રય પણ પ્રાચીન છે, ( તેમાં ઊભા કાઉસ્સગિયાની કળાવાળી પણ ખંડિત પ્રતિમા છે.)

સં. ૧૨૩૯ના શિલાલેખથી સમજાય છે. કે અહીંના મૂળનાયક ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમા પહેલાં સુખમિણિમાં હતી. ત્યાંથી લાવી અહીં સાંડેરાવમાં પધરાવી છે. આ સુખમિણિનગર ક્યાં આવ્યું તે શોધવાનું બાકી રહે છે. છમ્માણી, ષણમાની અને સુખમિણિએ એક નગરનાં નામો તો નહીં હોય?

ઇતિહાસ[૮] કહે છે કે—પુષ્યમિત્ર રાજાએ અને શંકરાચાર્યના સમયે કાશીના રાજાએ બૌદ્ધો તથા જૈનો ઉપર અત્યાચાર કર્યો હતો. જૈનો ઉત્તર ભારત તથા પૂર્વ ભારત છોડી રાજપૂતાનામાં આવી વસ્યા અને તે પ્રદેશની પ્રાચીન જિનપ્રતિમાઓ સાથે લાવીને અહીં જુદા જુદા સ્થાનોમાં "જીવિતસ્વામી" વગેરે નામથી સ્થાપિત કરી.[૯] સંભવ છે કે, ત્યારે જૈનોએ સુખમિણિની પ્રતિમા લાવી અહીં સાંડેરાવમાં સ્થાપિત કરી હશે.

દેરાસરમાં સાપની મૂર્તિ છે. જૈનો તેને પૂજ્ય ભાવથી જુએ છે. તેનું કારણ એવું કહેવાય છે કે, જૈનોનાં કેટલાએક ગોત્રો ધરણેંદ્રને પોતાના ગોત્રદેવ તરીકે માને છે. ધાણેરાવ પાસે મૂછાળા મહાવીર તીર્થમાં તો એક દેરીમાં સાપની અધિષ્ઠાયકની જેમ સ્વતંત્ર ગોળ મૂર્તિ છે. ગુજરાત–પાટણમાં પણ એક દેરાસરમાં પડખે સાપની દેરી છે, જેને જૈન–જૈનેતરો માને છે. એ મૂર્તિઓ સ્થપાવાનું કારણ પણ ઉપર પ્રમાણે જ સંભવે છે કે–નાગશિશુવંશ, નાગવંશ, પાર્શ્વનાથ સંતાનીય કોઈ પરંપરા કે વૈરુટ્યા શેઠાણીના વંશના એ જૈનો હશે; કેમકે તેઓની સાથે ધરણેંદ્ર અને નાગનો સંબંધ હોવાનું જાણવા મળે છે.

સાંડેરાવનું દેરાસર કેટલું પ્રાચીન છે એ વિશે અહીં લોકવાયકા એવી છે કે–"આ મંદિર ગર્દભસેન રાજાએ બનાવ્યું છે, જેની નિશાની મંદિરના શિખરમાં ખુરાની કોરણી કરી છે તે છે." અહીંના સુરક્ષિત ગધૈયા-સિક્કાઓ તપાસતાં એ લોકવાયકા સાચી હોય –વિક્રમની છઠ્ઠી સાતમી સદીનું એ મંદિર હોય એ શકય લાગે છે.

ઇતિહાસ કહે[૧૦] છે કે, મધ્ય એશિયાની હૂણ જાતિના એકસસ શાખાવાળા શ્વેત હૂણોએ વિ. સં. ૫૧૨માં હિંદ ઉપર હુમલો કર્યો અને ધીરે ધીરે પશ્ચિમ હિંદમાં પોતાનું રાજ્ય જમાવ્યું. તેઓએ ઈરાનના સેસેનિયન સિક્કાઓનો હિંદમાં પ્રચાર કર્યો, એ સિક્કાની એક બાજુ રાજાનો ચહેરો તથા લેખ અને બીજી બાજુએ અગ્નિકુંડ તથા બે પહેરેગીરો એમ ખોદેલું હતું. હૂણોનું રાજ્ય જતા છતાં પણ આ સિક્કાઓ વિક્રમની ૧૧મી સદી સુધી ગુજરાત, માળવા, અને રાજપૂતાનામાં છૂટથી વપરાતા હતા પરન્તુ ધીરે ધીરે તેના માપમાં ફારફેર થતો રહ્યો અને તેમાંનો રાજાનો ચહેરો પણ બદલતો ગયો. આ ચહેરો સમય જતાં એવો બદલાઈ ગયો કે ખુરા જેવો લાગતો હતો. આથી લોકોએ એ સિક્કાનું

૮, ૯. જૈન પરંપરાનો ઇતિહાસ, પૃ. ૫૦૪ પૃ. ૬૧.

૧૦. ભારત કે પ્રાચીન રાજવંશ, પૃ. ૩૨૬, ૩૨૭.

[ જુઓ અનુસંધાન પૃષ્ઠ: ૮ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાધ્ય કે સાચો પુરુષાર્થ!

★

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીમહાપ્રભવિજયજી
[ પૂ. આ. શ્રી. વિજયરામચંદ્રસૂરીશ્વરજી અંતેવાસી ]

★

**જગતના** પ્રાણીઓના અનેક અપેક્ષાએ અનેક પ્રકારના ભેદો પડી શકે છે. પ્રવૃત્તિ અને ફળની અપેક્ષાએ સૂરિપુંગવ શ્રીઉમાસ્વાતિજીએ જીવ માત્રના ઉત્તમોત્તમાદિ છ વર્ગ પાડ્યા, તેમ ધ્યેય કે પ્રયોજનની અપેક્ષાએ જીવ માત્રના ચાર વર્ગ પાડી શકાય. જગતમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સિવાય કોઈ બીજું પ્રયોજન કે ધ્યેય કોઈ પણ આત્માને હોઈ શકતું નથી. માટે ચાર જ પુરુષાર્થ કહેવામાં આવ્યા છે. એ દૃષ્ટિએ સઘળાયે આત્માઓના ચાર પ્રકાર પડે છે, પણ એ ચતુર્વર્ગ કે ચારે પુરુષાર્થ શ્રેષ્ઠ જ છે એમ માની લેવું યોગ્ય નથી.

બાહ્ય સુખ તે કામ અને બાહ્ય સુખનાં સાધનો અર્થ કહેવાય. જ્યારે તાત્ત્વિક આત્મીય સુખ તે મોક્ષ અને તે મોક્ષનાં સાધનો તે ધર્મ કહેવાય.

પોતાનું-આત્માનું મોક્ષ થાય એ પ્રયોજનથી પ્રવૃત્તિ કરનાર આત્માઓ બાહ્ય સુખ અને તેનાં સાધનો, સાચું સુખ નહિ પણ સુખાભાસ જેવાં છે તેથી તેને અસાર માની હેય તરીકે જ ગણે. જ્યારે મોક્ષમાં સ્થિર સત્ય અને પૂર્ણ સુખ હોવાથી તે ઉપાદેય છે. ધર્મની ઉપાદેયતા સ્વતંત્ર નથી પણ ધર્મ મોક્ષનું કારણ હોવાથી **મોક્ષસુખની સિદ્ધિના કારણ પૂરતી જ ધર્મની ઉપાદેયતા** છે. પણ અસાર એવા અર્થ, કામના પ્રયોજનવાળા ધર્મની ઉપાદેયતા મનાતી નથી. એટલા જ માટે કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીએ ફરમાવ્યું કે, "**चतुर्वर्गेऽग्रणी मोक्षो योगस्तस्य च कारणम्.**" એમ જણાવી **ચતુર્વર્ગમાં તાત્ત્વિકતાએ મોક્ષની જે સ્વતંત્ર ઉપાદેયતા અને યોગની-ધર્મની સ્વતંત્ર રીતે નહિ પણ મોક્ષના કારણ તરીકે જ ઉપાદેયતા બતાવી તે સ્પષ્ટ સમજાશે. તો પછી આત્મસ્વરૂપના બાધક, કર્મપાશમાં ફસાવનાર અને ચતુર્ગતિમાં ભમાવનાર એવા કામ અને અર્થને (બાહ્ય સુખ અને અને તેનાં સાધનો) વિવેકી ઉપાદેય ક્યાંથી ગણે?**

બાહ્ય સુખ (કામ) અને તેના સાધનો (અર્થ) ના સર્વાંશે નિષેધ માટે શાસ્ત્રોમાં કથન આવે છે-"**सव्वाओ मेहुणाओ वेरमणं**" કહી પાંચ પ્રકારના વિષયના ઉપભોગ અને "**सव्वाओ परिग्गहाओ वेरमणं**" કહી સચિત્તાદિના ગ્રહણ અને મૂર્છા સંપૂર્ણપણે વર્જવા માટે જણાવ્યું છે. આંશિક પણ અર્થ, કામની ઉપાદેયતા હોત તો તેમ ન કહેત. માટે જ શ્રીહેમચંદ્રસૂરિજી વીર પરમાત્માની સ્તુતિ કરતાં કહે છે કે :—

"हितोपदेशात् सकलज्ञक्लृप्तेर्मुमुक्षुसत्साधुपरिग्रहाच्च ।
पूर्वापरार्थेष्वविरोधसिद्धेस्त्वदागमा एव सतां प्रमाणम् ॥"

આ શ્લોકમાં બતાવેલ ચાર કારણે જિનેશ્વરોએ પ્રરૂપિત આગમો સત્પુરુષોને માન્ય છે. ચોથા કારણમાં બતાવ્યું કે અન્યના આગમમાં આગળ પાછળના પદાર્થોમાં જેમ વિરોધ આવે છે તેવો વિરોધ આપના આગમમાં નથી, માટે પ્રમાણભૂત છે. માટે અંશે પણ અર્થ-કામની ઉપાદેયતા ન માનતાં સંપૂર્ણપણે તેને હેય માનીએ તો જ શ્રીવીતરાગ પરમાત્માનું શાસન પ્રામાણિક રહે. માટે ધર્મ, અર્થ કામ અને મોક્ષ જે ચાર વર્ગ કરવામાં આવ્યા છે તે માત્ર ધ્યેય કે પ્રયોજનના હિસાબે છે પણ ઉપાદેયતાના હિસાબે નથી. સાચું જ કહ્યું કે :—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तुल्ये चतुर्णां पौमर्थ्ये, पापयोरर्थकामयोः । आत्मा प्रवर्तते हन्त !, न पुनर्धर्ममोक्षयोः ॥

ચારે પુરુષાર્થ કહેવાય છે તો પણ એહનો વિષય છે કે, આ આત્મા, પાપના કારણભૂત એવા અથ અને કામમાં પ્રવર્તે છે, પણ મોક્ષ અને ધર્મમાં પ્રવર્તતો નથી. સૂરિપુંગવ શ્રીસોમપ્રભાચાર્યનો આ શ્લોક ઇતર-લૌકિક ધર્મની ઉપાદેયતાની સ્વીકૃતિ જણાવવા માટે જ ફક્ત છે. ધર્મ વગર અર્થ અને કામના સાધન તરીકે જે ધર્મની ઉપાદેયતા બતાવી તે કોઇ રીતે જૈનશાસનથી પ્રમાણિત નથી.

"त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य ।
तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद् भवतोऽर्थकामौ ॥"

બાહ્યદૃષ્ટિવાળાને નવીન માર્ગપ્રવેશ માટે પ્રાથમિક દૃષ્ટિએ અર્થ અને કામના સાધન તરીકે પણ ધર્મની ઉપાદેયતા હોય તો પણ સદ્ધર્મના ઉપદેશકો અર્થ અને કામને સાધ્ય તરીકે ગણાવી શકે જ નહિ. છતાં કોઈ પ્રસંગે અનુવાદ કરવા લાયક કે ઉપર જણાવ્યા પ્રમાણે પ્રાથમિક પ્રવેશ માટે લાલચરૂપે હોય પણ અર્થ અને કામને ઉપાદેય કોઈ પણ રીતે ગણવાની ભૂલ કોઇથી ન થવી જોઈએ

પ્રવૃત્તિ કે ફળની અપેક્ષાએ કહેલ છ વર્ગમાં ઉત્તમોત્તમપણું અને ઉત્તમપણું શ્રેષ્ઠતાના હિસાબે સાધ્ય કે ઉપાદેય છે અને મધ્યમ-વિમધ્યમ-અધમ અને અધમાધમપણું હેય જ છે. માટે આ ષડ્વર્ગ શ્રેષ્ઠતાના હિસાબે નથી પણ ચતુર્વર્ગની માફક ફક્ત વર્ગીકરણ રૂપે જ છે.

જગતમાં પદાર્થો ઉપાદેય, હેય અને ઉપેક્ષણીય એમ ત્રણ પ્રકારે છે અને તે ત્રણે ઐહિક ( લૌકિક ) આમુષ્મિક ( પારલૌકિક કે લોકોત્તર ) એમ બન્ને દૃષ્ટિએ હોય છે. ઐહિકદૃષ્ટિએ ઉપાદેય-સ્રક્-ચંદન-અંગનાદિ, હેય-સર્પ વિષ કંટકાદિ અને ઉપેક્ષણીય-તૃણ, ધૂળ, કાંકરા વગેરે છે. જ્યારે આમુષ્મિક દૃષ્ટિએ ઉપાદેય—સમ્યગ્ દર્શન-જ્ઞાન ચારિત્રાદિ, હેય-મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ વગેરે, ઉપેક્ષણીય, સ્વર્ગવિભૂતિ વગેરે આ રીતે પદાર્થ જાણી તેની પ્રાપ્તિ, પરિહાર અને ઉપેક્ષા કરવાની ઇચ્છાવાળાએ વિવેકથી તેમાં પ્રવૃત્તિ-નિવૃત્યાદિરૂપ પ્રયત્ન કરવો જોઈ એ.

ઉપદેશના ક્રમમાં પ્રથમ સર્વવિરતિ, પછી દેશવિરતિ, તેમાં શ્રાવકપણું, સમકિત અને તે પછી માર્ગાનુસારિપણું આવે છે, જ્યારે જીવ પ્રાયઃ છેલ્લું પશ્ચાનુપૂર્વીથી સર્વવિરતિ પામે છે. માટે યોગ્યતા જોઈ ઉપદેશ કરવાનો અને વ્રત આપવાનાં રહે છે. અન્યથા ઉપદેશક દોષભાગ્ બને.

'**सर्वनाशे अर्धं त्यजेत्**' એટલે સર્વનાશના પ્રસંગે બને તેટલું પણ રક્ષણ કરવું એ ન્યાયે, સર્વવિરતિ ન બની શકે તો તે આત્મા આરાધનાથી બિલકુલ વંચિત ન રહી જાય તે માટે પાછળના ક્રમે પણ લેવાનું બતાવ્યું છે. તેમાં જેટલી વિરતિ થાય તેટલો ધર્મ બાકીનો અધર્મ. તેનું પાપ ખરું પણ નિયમ ભંગ નહિ. માટે અવિરતિનો અંશ પાપબંધના કારણે હેય જ છે.

પાંત્રીસ ગુણવાળો આત્મા દેશનાર્હ કહ્યો છે. જેનામાં તે ગુણ હોય તેને ધર્મનો ઉપદેશ અપાય. માર્ગાનુસારી માટે ન્યાયસંપન્નવિભવ ધર્મ, જ્યારે અન્યાયસંપન્ન વિભવ પાપ. અન્યાય ગયો એટલા અંશે ધર્મ. બાકીનું પાપ ખરું પણ નિયમ ભંગ નહિ પૈસાને સારા માને તે જૈન નહિ પણ જૈન પાસે પૈસા ન હોય એમ નહિ. તેને હોય બધું પણ માને પાપ. પાપના ઉદયથી બેઠો હોય, છોડવાની શક્તિ ભલે તેને ન હોય, પણ છોડવાની પેરવીમાં હોય.

અઢાર પાપસ્થાનમાં ચોથે મૈથુનનો ત્યાગ કહ્યો. એટલે શ્રાવકને સ્વસ્ત્રીને, સ્વીકારમાં પાપ નહિ એમ નહિ ( પાપ ખરું જ ) પણ પોતાના નિયમનો ભંગ નહિ; માટે સ્ત્રી ઉપાદેય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન ગણાય. પાંચમે પરિગ્રહ સંસાર ન છૂટી શકે તેથી સંસારમાં રહેવું પડે, તેમાં પૈસાની જરૂર પડે માટે રાખે. રાખવામાં પરિમાણ કર્યું હોય ત્યાં સુધી વ્રતભંગ નહિ પણ પાપ તો તેટલા પૂરતું ખરું જ. લક્ષ્મી ઉપાદેય નથી.

પ્રયત્ન વગર ધર્મ કે વિરાગ આવતો નથી. માટે જ્યારે બને ત્યારે ખરો એમ વિચારી બેસી રહેવાનું ન હોય. આજ્ઞા મુજબ પ્રયત્ન કરવાનો હોય. સુવિહિત શિરોમણિ શ્રી શ્રીહરિભદ્રસૂરિજીએ ફરમાવ્યું :—

" भवस्वरूपविज्ञानात्तद्विरागाच्च तत्त्वतः । अपवर्गानुरागाच्च, स्यादेतन्नान्यथा क्वचित् ॥ "

સંસારના સ્વરૂપજ્ઞાનથી સંસાર ઉપર વૈરાગ્ય આવતાં અને મોક્ષ તરફના અનુરાગથી ધર્મમાં પ્રવૃત્તિ થાય છે. પણ બીજી કોઈ રીતે નહિ. સંસારમાં સારા દેખાતા કે લાગતા પદાર્થો અસત્ય, અસ્થિર, અપૂર્ણ સુખવાળા છે. તેને સાચું સુખ આપવાની તાકાત નથી. વાસ્તવિક સુખનું સ્થાન કોઈ હોય તો મોક્ષ જ છે. આ રીતે સમજ થતાં પરમાર્થથી સંસારનો વિરાગ અને મોક્ષનો રાગ થતાં ધર્મ પ્રાપ્ત થાય છે. તે માટે પ્રયત્ન કરવો પડે છે. આપણને વિષયોમાં સુખ દેખાય છે. જ્યારે જ્ઞાનીઓને તેના ત્યાગમાં સુખ દેખાય છે. માટે તે છોડવાનું કહે છે. વિષયકષાય ઝેરના પ્યાલા જેવા છે, છતાં નાચી કુદીને આપણે મન-વચન-કાયા દ્વારા આત્માને નિર્બળ અને મલિન બનાવીએ છીએ, માટે જ્ઞાનીઓએ એ ત્રણે યોગ દ્વારા આત્માને નિર્મળ બનાવવા ફરમાવ્યું છે.

પરલોકના માર્ગમાં જિનાગમ સિવાય બીજું પ્રમાણ નથી. માટે આગમપુરસ્સરની જ સર્વ ક્રિયાઓ કરવાની હોય. શક્તિ ગોપવ્યા સિવાય આત્માને બાધા ન થાય તેમ, પારિણામિક બુદ્ધિવાળો દાનાદિ ચતુર્વિધ ધર્મ આદરે. પૂ. પા. શ્રી હરિભદ્રસૂરિજીએ ફરમાવ્યું છે કે:—

" वचनाराधनया खलु, धर्मस्तद्बाधया त्वधर्म इति । इदमत्र धर्मगुह्यं, सर्वस्वं चैतदेवास्य ॥
यस्मात्प्रवर्तकं भुवि, निवर्तकं चान्तरात्मनो वचनम् । धर्मश्चैतत्संस्थो, मौनीदं चैतदिह परमम् ॥
अस्मिन् हृदयस्थिते सति, हृदयस्थस्तत्त्वतो मुनींद्र इति ।
हृदयस्थिते च तस्मिन्नियमात् सर्वार्थ संसिद्धिः ॥ "

સર્વજ્ઞની આજ્ઞાનું આરાધન–આજ્ઞાનુકૂળ વર્તન તે જ સત્ય ધર્મ અને તેના વચન (આજ્ઞા)ની વિરાધના પ્રતિકૂળ વર્તન તે જ અધર્મ. સર્વજ્ઞના આગમમાં એ જ ધર્મનું ગૂઢ રહસ્ય છે. ને એ જ ધર્મનું સર્વસ્વ છે. સર્વ અનુષ્ઠાનોનું મૂળ પ્રભુઆજ્ઞા જ છે.

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી પણ ફરમાવે છે કે "—**आज्ञाराद्धा विराद्धा च, शिवाय च भवाय च** ' પ્રભુઆજ્ઞાનું પાલન એ જ સત્ય ધર્મ. આજ્ઞાનું પાલન મોક્ષ માટે બને. જ્યારે આજ્ઞાનું ખંડન અનંતા સંસાર માટેજ થાય.

અંતરાત્માને વિધેય કાર્યમાં પ્રવર્તક અને નિષિદ્ધ કાર્યોથી નિવર્તક ( નિવૃત્તિકારક ) આ ભૂમંડલમાં કેવલ સર્વજ્ઞોક્ત પ્રવચન જ છે અને ધર્મ પણ એના આધારે છે. માટે અમોને મુનીંદ્ર પ્રવચન જ પરમ પ્રમાણ છે.

જો એ પ્રવચન હૃદયમાં હોય, તો પરમાર્થી તીર્થંકરદેવ જ હૃદયસ્થ ગણાય અને પરમાત્મા હૃદયસ્થ હોય, તો નિશ્ચયે, સકલ ઇષ્ટ પદાર્થોની સિદ્ધિ થાય છે.

માટે ખરેખર સૂક્ષ્મબુદ્ધિથી ધર્મ વિચારવો જોઈએ. નહિ તો ધર્મ કરવા જતાં પણ અધર્મ જ થઈ જાય અને લાભની જગ્યાએ તોટો જ આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કડખો અને જૈન કૃતિઓ

⊙

લેખક : પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

⊙

**આજથી** પચાસેક વર્ષ ઉપર મેં 'કડખો' શબ્દ પહેલી વાર સાંભળ્યો હતો. થોડા સમય અગાઉ 'શ્રીપાલરાસ'નું વાચન કરતી વેળા કડખા શબ્દે મારું ધ્યાન ખેંચ્યું તેથી એમાં આવતી 'કડખા'ની દેશી વિશે વિચાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો.

**સજ્જન સન્મિત્ર**ની પ્રથમ આવૃત્તિમાંની કેટલીક કૃતિઓ વાંચતાં પણ મને 'કડખો' શબ્દ નજરે પડતો અને એ વેળા જૂના સંસ્કાર તાજા થતાં મને એ વિષે વિચાર કરવાનું મન થતું, પણ એ વિચાર સક્રિય બનતો અટકી જતો. હાલમાં થોડા વખત ઉપર ન્યાય-વિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિને વિષે મેં ક્યાં ક્યાં શું શું લખ્યું છે તેની નોંધ કરતી વેળા એમણે રચેલી અને **શોભન-સ્તુતિ**[1] મારી સંસ્કૃત ભૂમિકા (પૃ. ૧૦૫)માં છપાયેલી કૃતિ નામે "શ્રીવિજયદેવસુરિ-સ્વાધ્યાય" ઉપર નજર પડી અને એ કડખાની દેશીમાં રચાયેલી છે એવા મેં કરેલા ઉલ્લેખ ઉપરથી 'કડખો' એટલે શું અને એ દેશીમાં કઇ કઇ કૃતિઓ—ખાસ કરીને જૈન કૃતિઓ રચાઈ છે, એ દેશીનો પહેલવહેલો ઉપયોગ કોણે કર્યો છે ઇત્યાદિ બાબત વિચારવા હું ખૂબ જ પ્રેરાયો. એના પરિણામે હવે આજે મને એ દિશામાં પ્રકાશ પાડનારી જેટલી સામગ્રી મળી છે તે આ લેખમાં હું અહીં રજૂ કરું છું અને એમાં રહી જતી ન્યૂનતાને દૂર કરવા માટે વિશેષજ્ઞોને વિનવું છું.

"સાર્થ ગૂજરાતી જોડણીકોશ"ની ત્રીજી આવૃત્તિમાં 'કડખો' શબ્દ અપાયો છે, એને અહીં 'હિંદી' કહ્યો છે, અને એનો અર્થ "દુહા જેવી એક વીરરસની રચના" એમ કરાયો છે અને એનો અર્થ 'કડખો બોલનાર ભાટ' એમ કરાયો છે.

'કડખેદ' માટેનો હિંદી શબ્દ 'કડખૈત' છે. એક ગુજરાતી-અંગ્રેજી કોશમાં 'કડખા' શબ્દ આપી એનો અર્થ 'એક રાગિણી' કરાયો છે. **હિંદી વિશ્વકોશ** (ભા. ૩ પૃ. ૬૪૯)માં 'कड़खा' શબ્દ છે. એનો અર્થ નીચે મુજબ અપાયો છેઃ—"गीतविशेष, एक नगमा। यह एक प्रकारका युद्धसंगीत है। वीरोंकी प्रशंसा भरी रहती है। कडखा सुन योद्धा उत्तेजित होते हैं।"

**જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩)ના બીજા ખંડમાં વિવિધ દેશીઓની લગભગ અકારાદિ ક્રમે નોંધ અપાઈ છે એમાં પૃ. ૧૮૬૪-૫માં "કડખાની દેશી"માં રચાયેલી કૃતિઓ વિષે નીચે મુજબ ઉલ્લેખ છે:—

"(૧) કડખાની જાતિ:—

સુણો શ્રી રામ લંકાપુરી છે જિહાં, વંદે વિદ્યાધરા હાથ જોડી;
દૈત્ય રાવણ તિહાં રાજ્ય પામે સદા, કોઈ ન સકે તસ માન મોડી.

—એ સીતારામ ચોપાઇ (સમયસુંદર કૃત) મધ્યે-જ્ઞાનકુશલ કૃત પાર્શ્વ૦ ૪-૨, સં૦ ૧૭૦૭)
-રાગ રામગ્રી (ચંદ્રકીર્તિકૃત ધર્મબુદ્ધિ. ૧-૬ સં૦ ૧૬૮૨) ઝૂલણાને મળતી.

(૨) કડખાની—મ કરિ હો જીવ દિનરાતિ પરિતાતિ તું (જુઓ નં. :૫૨૯)
(કેસરકુશલકૃત ૧૮ પાપસ્થાનક સં. ૧૦ સ. ૧૭૩૦)-ઝૂલણાને મળતી.

(૩) કડખાની—રાગ સોરઠ (આ પણ ઝૂલણાને મળતી છે) (જિનરાજસૂરિકૃત

---

૧. આ કૃતિ **જૈન સ્તોત્ર સન્દોહ** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૮૮-૮૯)માં છપાઈ છે. એ ઉપરથી પાઠભેદ તારવી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચોવીસી. ૨. પણ તેની ૯ તથા ૨૦ ઝૂલણાને મળતી નથી ) રાજરત્નની વિજયશેઠ સ૦ ૨૨ સં૦૧૬૯૬)

(૪) કડખાની–આસાઉરી ( ઝૂલણાને મળતી ) ( જ્ઞાનસાગરકૃત શાંતિનાથ ૨૫ સં૦ ૧૭૨૦ તથા શ્રીપાલ. ૧૭ સં. ૧૮૨૬, જિનહર્ષકૃત ઉપમિત. ૫૭ સં૦ ૧૭૪૫ "[1]

ઉપાધ્યાય વિનયવિજયગણિએ **શ્રીપાળ રાજાનો રાસ** રચવા માંડયો હતો. એ લગભગ પૂર્ણ થવા આવ્યો હતો એવામાં વિ સં. ૧૭૩૮ માં રાંદેરમાં એમનો સ્વર્ગવાસ થયો અને એ રાસ આગળ ઉપર વિ. સં. ૧૭૪૩ માં ડભોઇમાં સ્વર્ગે સંચરનાર ન્યાયાચાર્ય યશોવિજયગણિએ પૂર્ણ કર્યો. પૂર્ણાહૂતિનું વર્ષ અપાયું નથી છતાં કેટલાયે લેખકોએ એને ૧૭૩૮નું ગણી લીધું છે. મેં પણ કોઇ કોઇ સ્થળે એવો ઉલ્લેખ કર્યો છે, પરંતુ એ વિષે વિશેષ ચોકસાઇ કરવાની જરૂર રહે છે. બનવાજોગ છે કે વિનયવિજયજીના ગયા પછી ટૂંક સમયમાં યશોવિજયગણિએ એ રાસ પૂર્ણ કર્યો હોય. એ ટૂંક સમય તે એકાદ વર્ષ કરતાં વધારેનો ગાળો ભાગ્યે જ હોઇ શકે એમ સામાન્ય રીતે કહી શકાય. એમણે હાથે પૂર્ણ થયેલી આ કૃતિમાં ચોથા ખંડની ચોથી ઢાલ કડખાની દેશીમાં રચાઇ છે એમ એમણે પોતે કરેલો ઉલ્લેખ કહી આપે છે. આ રહ્યો એ ઉલ્લેખઃ—

"ખંડ ચોથે હુઇ ઢાલ ચોથી ભલી, પૂર્ણ 'કડખા' તણી એક દેશી"

આ ઢાલની પહેલી કડી અહીં હું નોંધીશ કે જેથી કડખાની રચના ઉપર પ્રકાશ પડી શકે—એના બંધારણનો ખ્યાલ આવી શકે. એ કડી નીચે મુજબ છેઃ—

"ચંગ રણરંગ મંગળ હુઆં અતિઘણાં, ભૂરિ રણતૂર અવિદૂર વાજે,
કૌતુકી લાખ દેખણ મલ્યા દેવતા, નાદ દુંદુભિતણે ગયણ ગાજે."

કેટલાક જૈન રાસમાં યુદ્ધનું વર્ણન આવે છે. એવે સમયે કડખામાં રચના થઇ હોવાનો સંભવ છે; તો એ દૃષ્ટિએ વિવિધ રાસ તપાસાવા ઘટે.

**સજ્જન સન્મિત્રની** પ્રથમ આવૃત્તિમાં તે જે કૃતિઓને મથાળે કડખાનો ઉલ્લેખ છે. તે હું ક્રમવાર નોંધું છું અને સાથે સાથે એની આદ્યપંક્તિ પણ રજૂ કરું છું:–

પૃ. ૧૦૩–૪ માં કનકવિજયે પાંચ કડીમાં રચેલું **મંડાવરા-પાર્શ્વનાથ-જિનસ્તવન** છપાયેલું છે. એનો પ્રારંભ નીચે મુજબ છેઃ—

"તાર મુજ તાર ત્રિભુવન ધણી, પાર ઉતાર સંસારસ્વામી,
પ્રાણ તું ત્રાણ તું શરણ આધાર તું, આત્મારામ મુજ તુંહિ સ્વામી"

આ સ્તવનને મથાળે " કડખાની દેશી, પ્રભાતિ ચાલમાં " એવો કૌંસગત ઉલ્લેખ છેઃ

પૃ. ૬૦૦–૬૦૧ માં **પરનિંદાવારક હિતશિખામણની સજ્ઝાય** છેઃ એની નવ કડીમાંની પહેલી કડી નીચે પ્રમાણે છેઃ—

"મ કર હો જીવ પરતાંત દિનરાત તું, આપણો વાંક નયણે ન દેખે,
તિલસમ પારકા દોષ હોવે જીકે, તેહ :કરી દાખવે મેરુ લેખે. ૧"

પૃ. ૬૦૨ માં છ કડીની **પુણ્યની સજ્ઝાય** છે. આદ્ય કડી નીચે મુજબ છેઃ—

"પુન્ય કર પુન્ય કર પુન્ય કર પ્રાણીઆ, પુન્ય કરતાં સયલ રિદ્ધિ,
વૃદ્ધિ કનકની કોડી કર જોડી કાયા કહે, લાચ્છી લીલા લહે ધર્મબુદ્ધિ."

---

૧. આ તમામ લખાણ—કૌંસગત ઉલ્લેખો પણ મૂળ કૃતિના લેખકનાં જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૃ. ૬૦૬ માં પાંચ કડીની **ચેતનને શિખામણની સજ્ઝાય** છે. એની અંતિમ કડી કર્તાના નામનું દ્યોતન કરતી હોય એમ લાગે છે. એથી એ હું નીચે પ્રમાણે આપું છું:—

"અથિર સંસારમાં સાર 'નવકાર' નું, ધ્યાન ધરતાં સદા હૃદય રીઝે,
એહથી ભવ તરે મેરુ મહિમા ધરે, રિદ્ધિ વિજયાદિ સુખ સકલ સીઝે."

પૃ. ૬૦૬-૭ માં **ભાવના-મહિમા સજ્ઝાય** છે. એ પાંચ કડીની કૃતિની આદ્ય કડી નીચે મુજબ છે:—

"વિમળ કુળ કમલના હંસ તું જીવડા, ભુવનના ભાવ ચિત્ત જો વિચારી,
જેણે આ મનુજ ગતિ રત્ન નવિ કેળવ્યું, તેણે નર નારી મણિ કોડી હારી."

પૃ. ૬૦૭-૬૦૮ માં સાત કડીની **અનિત્ય ભાવનાની સજ્ઝાય** છપાયેલી છે. એને વિષે કડખાની દેશી" એવો ઉલ્લેખ નથી. તેમ છતાં એની રચના ઉપર મુજબ હોવાથી એ સજ્ઝાયનો પ્રારંભ હું નીચે મુજબ નોંધું છું:—

"મૂંઝ માં મૂંઝ માં મોહમાં જીવ તું, શબ્દ વર રૂપ રસ ગંધ દેખી,
અથિર તે અથિર તું અથિર તનુ જીવિતં, ભાવ મન ગગન [1]હરિચાપ પેખી."

જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૨) ગત ઉપર્યુક્ત ઉલ્લેખમાં કડખાની દેશીને ઝૂલણા સાથે મળતી આવે છે એમ કહ્યું છે તો એ વાત ચકાસવી સુગમ થઈ પડે તે માટે હું આ 'ઝૂલણા' છંદ વિષે કેટલીક હકીકત અહીં વિચારું છું;—

'ઝૂલણા' એ વર્ણમેળ, રૂપમેળ કે અક્ષરમેળને નામે ઓળખાતો છંદ નથી, પરંતુ એ તો 'માત્રામેળ છંદ છે. એમાં ૩૭ માત્રા હોય છે અને એમાં આઠ સ્થળે એટલે કે પહેલી માત્રાએ અને પછી પાંચ પાંચ માત્રાએ તાલ આવે છે. ૧૦, ૧૦, ૧૦ ને ૭ માત્રા પછી યતિ હોય છે. છેલ્લે ગુરુ અક્ષર હોય છે. પંચમાત્રિક 'ગાલગા' થી 'ઝૂલણા' છંદ સધાય છે. એ છંદનો ગુજરાતી કવિઓએ ઉપયોગ કર્યો છે. એમની કૃતિઓમાંથી બે ઉદાહરણ આપું છું:—

૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨
" મા ટી ના મા ન વી | મા ટી માં હે મ ળી | કા ય તા રી જ શે | જા ણુ ભા ઈ

૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨ ૧ ૨ | ૨ ૧ ૨ ૨
જી વ જા ણે ન હિ | જા ય જુ દો પ ડી | કા ય નો થા ય શો | હા લ આં હીં ? "

| | |
૨ ૧ ૧ ૨ ૨ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૨ ૧ ૨
આ જ મ હા રા જ જ લ પ ર ઉ દ ય જો ઇ ને

| | | |
૨ ૧ ૨ ૧ ૧ ૧ ૨ ૨ ૧ ૨ ૨
ચં દ્ર નો હૃ દ ય માં હ ર્ષ જા મે

બીજા ઉદાહરણમાં અંકના ઉપર ઊભી લીટી આપી મેં તાલનું સૂચન કર્યું છે, આ, રા, પ, જો, ચં, હૃ, હ અને મે એમ આઠ અક્ષર ઉપર એકેક તાલ છે. આમ આઠ તાલ છે.


કડખા માટે વિશેષ વિચાર કરાય તે માટે અત્યારે તો ભૂમિકારૂપે આટલો નિર્દેશ કરી હિંદીમાં કડખાનું શું સ્થાન છે એ વગેરે બાબત આગળ ઉપર વિચારવાની અભિલાષા રાખતો હું વિરમું છું.

---

૧ મેઘધનુષ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# रणथंभोरके अलाउद्दिनके
# मंत्री धनराजका वंशपरिचय

⊙

लेखक : श्रीयुत अगरचन्द नाहटा

**जैन साहित्य** समुद्रके समान विशाल है। उसका पार पाना असंभव है। जब कभी भी किसी प्राचीन हस्तलिखित ग्रंथभंडारका अवलोकन किया जाता है तो उसमें कुछ न कुछ महत्त्वपूर्ण अज्ञात ग्रंथ मिल ही जाते हैं। बहुतसे ग्रंथोंका तो केवल उल्लेख ही मिलता है, ग्रंथकी प्रतियें कहीं प्राप्त नहीं होती। कई ग्रंथोंकी प्रतियों अपूर्ण मिलती हैं। किसी किसी प्रतिके तो आदि अंत व मध्यके एक आध प्रत्र ही मिलते हैं। इससे जैन साहित्य कितना विशाल था और कितना अधिक नष्ट हो चुका, उसका सहज ही अनुमान लगाया जा सकता है।

गत अश्विन मासकी बात है, राजस्थानके मुख्य मंत्रीश्री टीकारामजी पालीवालके निमंत्रणसे आबू सम्बन्धी विचार–विमर्शके लिये जयपुर जाना हुआ तो राजस्थान पुरातत्त्वमन्दिर, मुनि जिनविजयजीका व्यक्तिगत संग्रह एवं मुलतान व डेरा–गाजीखांके हस्तलिखित ग्रंथ भंडारोंको देखनेका अवसर मिला। इनमें पचीसों ऐसे अज्ञात ग्रंथ प्राप्त हुए जिनकी अन्य प्रतियों कहीं भी उपलब्ध नहीं हैं। मुनिजीके संग्रहमें दो अज्ञात ग्रंथ अपूर्ण रूपसे प्राप्त हुए; जिनमेंसे 'धनराज–प्रबोधमाला' नामक छोटेसे धर्मोपदेश–सूक्ति संग्रहका परिचय यहाँ दिया जा रहा है। दूसरे कवि सूरचंदविरचित 'पदैकविंशति' नामक ग्रन्थका परिचय फिर कभी दिया जायगा।

'धनराज प्रबोधमाला'के ४ पत्र ही मिले हैं; जिनमें से प्रथम पत्रका एक किनारा सड कर टूट गया हैं, इससे कुछ पद्यांश नष्ट हो गया है। चौथे पत्रमें ग्रन्थकी रचना–प्रशस्ति अपूर्ण रह गई है जो पांचवें पत्रमें समाप्त हो जाना चाहिए पर उस पत्रके प्राप्त नहीं होनेसे ग्रन्थके रचनाकाल आदिका निश्चित पता नहीं चल सका। प्रति १६ वीं शताब्दीकी लिखित है। अक्षर बडे एवं सुवाच्य हैं। प्रति पृष्ठ पंक्ति १३ और प्रति पंक्तिमें ५०–५२ लगभग अक्षर हैं। मूल ग्रन्थ ७५ श्लोकोंका है, जो ११ प्रक्रमोंमें विभक्त है। प्रक्रमोंके नाम एवं श्लोकोंकी संख्या इस प्रकार है:—(१) ×××× रंगोत्पत्ति, श्लोक १२, (२) सुगुरूपदेश, श्लोक ६, (३) सुपात्रदान, श्लोक ५, (४) शीलमाहात्म्य श्लोक ६, (५) तपोमाहात्म्य, श्लोक ७, (६) भावमाहात्म्य श्लोक ४, (७) परोपकार, श्लोक ५, (८) द्यूतादि सप्तव्यसन,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्लोक १४, (९) कृपण, श्लोक ४, (१०) क्रोध, मान, माया, लोभ, श्लोक ५ और (११) सुपात्र-दान धर्म, श्लोक ७=कुल प्रक्रम ११, श्लोक ७५ ।

ग्रन्थका प्रारंभिक श्लोक इस प्रकार है:—

आनन्दमदिरममन्दमहच्च पात्रं, संसारपारगतमस्तसमस्तदोषं ।
ज्ञानैकविग्रहभवान्मनसाऽध्वनीनं, श्रेयांसि मांसलयितात् परमं महोदः ॥

ग्रन्थनिर्माणका प्रयोजनः—

प्राग्वाटवंशाब्जविकासभानौ, लक्ष्मीवतः पर्वतश्रेष्ठिसूनोः ।
अभ्यनर्थाच्छ्रीधनराज[नाम्नः, प्रबोध]मालाममलां तनोमि ॥६॥

अर्थात्—ग्रन्थकी रचना प्राग्वाटवंशीय पर्वतके पुत्र धनराजकी अभ्यर्थनासे की गई है । ग्रन्थकार संबंधी अंतिम पद्य इस प्रकार है:—

कृष्णर्षिगच्छाम्बुजराजहंसैः, पद्मावतंसैः नयचन्द्रसूरेः ।
**प्रबोधमाला** जयसिंहसूरिपूज्यैः कृतेयं कृतिनां प्रबंधैः ॥ ७५ ॥

इतिश्री [ प्राग्वाट-वंश मुकुटमणि मंत्री ] श्रीधनराजप्रबोधमालायां सुपात्रदानधर्म-प्रक्रमः समाप्तः ॥

इसके बाद जिस धनराजके लिये इस ग्रंथकी रचना कृष्णर्षिगच्छके नयचंद्रसूरिके शिष्य जयसिंहसूरिने की, उस धनराजके वंश एवं गुरुपरम्पराकी परिचायक प्रशस्ति दी हुई है ।

जिसके १५ वें श्लोकका कुछ अंश इसमें कम रह गया है । जिसके आगे गुरुवंश परम्पराका कुछ और परिचय और ग्रन्थरचना काल आदिका निर्देश होगा पर ये पद्य अप्राप्य हैं। प्रशस्तिके प्राप्त पद्य नीचे दिये जा रहे हैं। जिनसे धनराज शाकंभरी देशके रणथंभोरके शासक खिलजी अलाउद्दीनका विश्वसनीय मंत्री होनेका महत्त्वपूर्ण पता चलता है । धनराज चैत्रगच्छ, जो रत्नाकरसूरिके बाद रत्नाकरातपागच्छके नामसे प्रसिद्ध हुआ, के आचार्य रत्नसिंहसूरीजीका भक्त था । रत्नसिंहसूरिका समय 'बृद्ध-पौशालीय पट्टावली' एवं प्राप्त मूर्त्तिलेखोंके अनुसार सं. १४५२ से १५१८ तक का है। प्रस्तुत ग्रन्थकी रचना उनकी पट्टपरंपराके किसी आचार्यके समयमें हुई है।

इस समय रणथंभोरका शासक खिलजी-अलाउद्दीन था, जिसका समय सन् १५१० से १५३१ है। ग्रन्थकी रचना इसी बीच होनी चाहिए। अलाउद्दीन मालवेका सुलतान था। जो महमूद-द्वितीयके नामसे प्रसिद्ध है । मंत्री धनराज प्राग्वाटवंशीय अभयसिंहके पुत्र सोमसिंह, उसके पुत्र पर्वतका पुत्र था । उसकी माताका नाम पाल्हणदेवी था । धर्मिणी और

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बाइनामक उसके दो पत्नियां थीं। जिनमेंसे पहलीके सीहा और श्रीपति नामके दो पुत्र हुए। धनराजकी गुरुपरम्पराके परिचयमें चैत्रगणके रत्नाकरसूरिसे रत्नाकरातपागच्छ प्रसिद्ध होनेका उल्लेख करते हुए वृद्धशालीय जयतिलकसूरिके पट्टधर रत्नसिंहसूरिजी तकका उल्लेख प्रशस्तिमें आया है। अंतिम पद्यमें उनके दो पट्टधरोंका नाम था पर वह पद्य अपूर्ण मिलता है। पट्टावलीके अनुसार उनके नाम उदयवल्लभसूरि और हेमसुंदरसूरि होने चाहिये। इस ग्रन्थकी कहीं पूर्ण प्रति किसी विद्वान्को प्राप्त हो तो हमें सूचित करनेका अनुरोध है। ग्रन्थकी प्रशस्ति नीचे दी जा रही है:—

## प्राग्वाट-वंशीय मंत्री धनराज
## (प्रबोधमाला) प्रशस्ति

प्रणम्य पार्श्वं प्रकटप्रभावं, वाग्देवतां वन्द्यगुरूंश्च भक्त्या।
प्रबोधमालाभिधवाङ्मयस्य, विधीयते या विमला प्रशस्तिः॥ १॥

सर्वत्र विस्फुरितचारुतरप्रदेशकल्याणकोटिजनितप्रसभप्रवेशः।
दूरात् तिरस्कृतरिपुप्रतिसन्निवेशः, **शाकंभरीय** इति रम्यतरोऽत्र देशः॥ २॥

तत्रोल्लसत्संततमङ्गलौघे, स्वप्नेऽप्यदृष्टे दुरितोच्चयेन।
दुर्गे **रणस्तंभवरे** वरेण्यपुण्यक्रियाभ्राजितभव्यलोके॥ ३॥

गंडूलबाहुभटखण्डनचण्डशक्ति**रल्लावदीन** इति भूमिपतिः स जीयात्।
वृद्धिं निनाय कुलदैवतवृद्धकानां यो राज्यमिन्दुरिव वारिसरित्पतीनाम्॥ ४॥

इतोऽस्ति च स्वस्तिनिकेतमुच्चैः, प्राग्वाटवंशः प्रथितः प्रशंसः।
समुल्लसद्भिः परितो विचित्रैः, शाखाशतैः संभृतभूरिभूषः॥ ५॥

वंशे पवित्रचरितेऽ**भयसिंह**नामा, श्रेष्ठी पुरा सुकृतधीरजनिष्ट तस्य।
श्री**सोमसिंह**तनयोऽस्य च **पर्वतो**ऽभूत्........................॥ ६॥

पर्वतजाया विदिता **पाहलणदे**वीति भुवि शुचिशीला।
तदुदरसुक्तमुक्ताफलमिव **धनदा**भिधो जीयात्॥ ७॥

वंशे नांशीकृतानां सुरसदसि गतिर्नैत्यसौ वस्तुपालः।
तेनेहैवाजगन्वान् पुनरपि नियतं विश**प्राग्वाट**वंशं॥ ८॥

गेहेऽसौ पर्वतस्यावतरणमतनोद् **धन(न्य)राज**स्य दम्भात्।
नोचेत् सर्वत्र धर्मः स्फुरति मतिरहो तद्वदेतस्य नित्यम्॥ ९॥

For Private And Personal Use Only

**भरमिणि**–**वाङ्ग**नाम्ना स्त्रीयुगलं मन्त्रि**धनराजस्य** ।
प्रथमोदरजौ **सीहा–श्रीपति**पुत्रौ च विख्यातौ ॥ १० ॥

कुलदीपकौ द्वावपि राजमान्यौ सुदातृतालक्षणलक्षिताशयौ ।
गुणाकरौ द्वावपि संघनायकौ धनाङ्गजौ भूवलयेन नन्दताम् ॥ ११ ॥

**खलची**वंशविभूषणसाले**रल्लावदीन**भूपस्य ।
विश्वासपात्रमनघं **धनराजो** मन्त्रनायको जीयात् ॥ १२ ॥

स द्रव्यतः प्रवरभावत आददे यः, सम्यक्त्वरत्नमतिदुर्लभमत्र वृत्तौ ।
शङ्कादिदोषरहितं धनदः स जीयात्, श्री**रत्नसिंह**सुगुरोः पदपद्ममूले ॥ १३ ॥

अथ च—
श्रीचैत्रगणे गणनातिगगुणगणैकनिधिरासीत् ।
श्री**रत्नाकर**सूरिः यन्नाम्ना रत्नाकरातपागच्छः ॥ १४ ॥

श्री**वृद्ध**सालीयगणे भदन्ताः, श्री**जैत्रपूर्वास्तिलका** बभुवुः ।
तत्पट्टपूर्वाचलचन्द्ररोचिः सूरिर्बभूवाथ श्री**रत्नसिंहः** ॥ १५ ॥

तत्पट्टोदयशैलराजशिखरालंकारभूतावुभौ ।
सूरींद्रौ शशिभास्कराविव जगज्जैत्र प्र································॥ १६ ॥



## સુભાષિત

માયા મૂંકી મન તણી, બોલ બોલ વિવેકિ;
મન વચનહિં નવિ અંતરું, તે નવિ વિહડઈ છેકિ.

⊙

જે જેહના ગુણ ઓલખઈ, તે તિહાં નેહ કરાઈ;
કુલીઈ દ્રાખહ મંડવઈ, કાગલી બોલી ખાઈ.

⊙

મિત્તત્તણ ઈમ જાણીઈ, કજ્જ કરડઈ રોષ;
ગુણ મહીઅલિ વિષ્ફોરવઈ, હેઠા ઢંકઈ દોષ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૫) પૂ. પં. શ્રી મેરુવિજયજી ગણિવરના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **વાંકલી** (રાજસ્થાન)
૨૫) પૂ. મુનિરાજ શ્રીમહાપ્રભવિજયજી મ. ના ઉપદેશથી શેઠ ભોગીલાલ વેલચંદ, **યેવલા** (નાશિક)
૨૫) પૂ. ઉપા. શ્રીસુખસાગરજી મ. ના ઉપદેશથી શ્રીવર્ધમાન આણંદજી જૈન શ્વેતાંબર પેઢી, **ભોપાલ** (મધ્યભારત)
૨૫) પૂ. મુનિરાજ શ્રીકુંદકુંદવિજયજી મ. ના ઉપદેશથી શ્રીમાહિમ તડ જૈન સંઘ, **માહિમ** (મુંબઈ)
૨૧) પૂ મુનિરાજ શ્રીસંપતવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન શ્વેતાંબર મંદિર પેઢી, **અકોલા** (મધ્યપ્રદેશ)
૧૫) પૂ. આ. શ્રીવિજયભક્તિસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રીસંઘ-શાહપુર–મંગળપારેખનો ખાંચો, **અમદાવાદ**
૧૫) પૂ. આ. શ્રીચંદ્રસાગરસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રી હરિપુરા જૈન સંઘ, **સૂરત**
૧૫) પૂ. મુનિરાજ શ્રીલલિતવિજયજી મ. ના ઉપદેશથી શ્રી આત્માનંદ જૈન સેવાસમિતિ, **કોલ્હાપુર**
૧૨) પૂ. મુનિરાજ શ્રીગૌતમસાગરજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **નેર** (ધૂલિયા)
૧૧) પૂ. પં. શ્રીઅશોકવિજયજી મ. ના ઉપદેશથી શ્રી થરા જૈન લાયબ્રેરી, **થરા**
૧૧) પૂ. મુનિરાજ શ્રીસૌભાગ્યસાગરજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **લુણાવાડા**
૧૧) પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદસાગરજી મ. ના ઉપદેશથી શેઠ મણિલાલ પાનાચંદ દોશી, **ગોધરા**
૧૦) પૂ ઉપા. શ્રી દેવેન્દ્રસાગરજી મ. ના ઉપદેશથી શેઠ મોહનલાલ કરમચંદ, **વીસનગર**
૧૦) પૂ. આ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ. **જૂના ડીસા**
૧૦) શ્રી આત્મારામજી જૈન ઉપાશ્રય, c/o શા. ગોરધનદાસ બાપુલાલ, **વડોદરા**
૧૦) પૂ. મુનિરાજ શ્રી જયવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ **મુરબાડ**
૧૦) પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદવિજયજી મ ના ઉપદેશથી શ્રી સાગરગચ્છ જૈન સંઘ, **ડભોઈ**
૧૦) પૂ. મુનિરાજ શ્રી પ્રીતિવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **નેલોર** (મદ્રાસ)
૧૦) પૂ. પં. શ્રીરૂપવિજયજી ગણિવરના ઉપદેશથી શ્રી જૈન વિદ્યાશાળા, **સાંડેરાવ**
૮) પૂ. આ. શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શ્રીવીશા શ્રીમાળી જૈન પેઢી, **જામનગર**
૫) પૂ. મુનિરાજ શ્રીમાનતુંગવિજયજી મ. ના ઉપદેશથી શ્રી તપગચ્છ જૈન સંઘ, **જેતપુર**
૫) શ્રીવિજયઆણસૂર મોટા ગચ્છ વર્કીંગ કમીટિ, હા. મેતા મૂળચંદભાઈ વર્ધમાનભાઈ, **સાણંદ**
૫) પૂ. મુનિરાજ શ્રીનરરત્નવિજયજી મ. ના ઉપદેશથી, શ્રી જૈન સંઘ, **માણેકપુર**
૫) પૂ. મુનિરાજ શ્રીપદ્મવિજયજી મ. ના ઉપદેશથી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, **વડાલી**
૫) પૂ પં. શ્રીકૈલાસસાગરજી ગણિવરના ઉપદેશથી શ્રી જૈન સંઘ પેઢી, **ઊંઝા**
૫) મુનિરાજ શ્રીસુબોધવિજયજી મ. ના ઉપદેશથી શ્રી જૈન સંઘ, **આગલોડ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

# શ્રી જૈન સત્ય પ્રકાશ

## અંગે સૂચના

### યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૭ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂ. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂ. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂ. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે.

### વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

### ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂ. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂ. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

### લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારાવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only